નવીન મેટ્રીક્યુલેશન ઈતિહાસ

[પ્રશ્નોત્તરરૂપે]

મુસલમાન યુગ.

લેખકઃ

અનુભવી શિક્ષક

શ્રી ગજાનન પુસ્તકાલય,

બુકસેલર અને પબ્લીશર

ટાવર રોડ, સુરત.

[illegible] पुस्तकालय

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અંગ્રેજી છઠ્ઠા અને સાતમા ધોરણ માટે

નવીન મેટ્રીક્યુલેશન ઇતિહાસ

મુસલમાન યુગ

[પ્રશ્નોત્તરરૂપે]

(મુંબઈ યુનિવર્સિટિની મેટ્રીકની પરીક્ષા માટે
નવા સુધારેલા અભ્યાસક્રમ મુજબ.)

લેખક:
અનુભવી શિક્ષક

શ્રી ગજાનન પુસ્તકાલય,
બુકસેલર અને પબ્લીશર
ટાવર રોડ, **સુરત.**

ઈ. સ. ૧૯૩૯] [કીંમત ૪ આના

પ્રકાશક :

શ્રી ગજાનન પુસ્તકાલય,

બુકસેલર અને પબ્લીશર

ટાવર રોડ, **સુરત.**

૧ લી આવૃત્તિ : ૧૯૩૯

મુદ્રક :

શા વિઠ્ઠલદાસ કીકાભાઈ

'સુંદર' પ્રિન્ટિંગ પ્રેસ, કણપીઠ બજાર—**સુરત.**

નવીન મૅટ્રીકયુલેશન ઈતિહાસ

[પ્રશ્નોત્તર રૂપે]

મુસલમાન યુગ.

Q. 1. Why did Mahmud Ghazni invade India? Give a short account of his invasions.

ઈ. સ. ૯૯૭માં મહમુદ ગઝનીનો સુલતાન થયો. નાનપણથીજ મહમુદને પોતાના પિતાની સાથે અનેક લડાઇઓમાં જવું પડતું એટલે તેને સૈનિક તરીકે સારી કેળવણી મળી હતી મહમુદ ધર્માંધ હતો અને ઇસ્લામ ધર્મનો ફેલાવો કરવો એ એક તેનો મોટો ધ્યેય હતો. વળી તેનો પિતા સબક્તગીન હિંદ જીતી શકયો નહતો હિંદ એક મહાન સમૃદ્ધિવાન દેશ હોવાને લીધે તે જીતવાનાં સ્વપ્નાં નાનપણ થી જ મહમુદ સેવતો હતો. બીજું હિંદમાં નબળા રજપુત રાજાઓ રાજ્ય કરતા હતા અને તેમને જીતવાનું કાર્ય ઘણું સહેલું છે એમ તે ખાત્રીપૂર્વક માનતો હતો. આ બધા કારણોને લીધે તેણે હિંદ પર આક્રમણો કર્યાં.

ઈ. સ. ૧૦૦૦–૧૦૨૬ સુધીમાં મહમુદ ગઝનીએ હિંદ પર સત્તર સવારીઓ કરી. દરેક સવારી વખતે તેણે હિંદુઓના પવિત્ર મંદિરો લૂંટયાં, મૂર્તિઓનો નાશ કર્યો અને પુષ્કળ દ્રવ્ય પોતાને દેશ લઈ ગયો.

ઈ. સ. ૧૦૦૧માં મહમુદે પહેલી સવારી કરી પેશાવર જીત્યું. જયપાળ તેની સામે થયો પણ હાર્યો. મહમુદ પુષ્કળ દ્રવ્ય, ગુલામો અને જયપાળ પાસે ખંડણી લઇ પાછો ફર્યો. ઈ. સ. ૧૦૦૪ થી ૧૦૦૮ સુધી બીજી, ત્રીજી અને ચોથી એમ ત્રણ સવારી કરી. ઇ સ. ૧૦૦૮માં તેણે પાંચમી સવારી નગરકોટ (પંજાબમાં) પર કરી. ત્યાંનો રાજા અનંગ પાળ બીજા રાજાઓની મદદથી તેની સામે થયો. હિંદુઓએ પોતાના ધર્મના રક્ષણ અર્થે

યુદ્ધમાં ઝંપલાવ્યું અને પોતાની સઘળી દોલત લડવામાં ફના કરી. લૂટમાંથી મળેલું પુષ્કળ દ્રવ્ય મહમુદને મળ્યું અને તેમાંથી ઘણું તેણે પોતાના સૈનિકોને બક્ષીસ કર્યું. છઠ્ઠી સવારી તેણે સ્થાનેશ્વર પર કરી અને દેવળ લૂટયું. ત્યાર પછીની સવારીઓમાં કનોજ, મથુરા, ગ્વાલીયર વગેરે તેણે લૂટયાં અને ત્યાંના રાજાઓને હંગાવ્યા. ઇ. સ. ૧૦૧૮માં લહોર પર સવારી કરી. મહમુદે છેલ્લી અને સૌથી અગત્યની સવારી કરી ૧૦૨૫–૨૬માં સોમનાથ પર કરી. સોમનાથ વિષે તેણે ઘણી ખ્યાતિ સાંભળી હતી તેથી તે ઘણુંજ મોટું લશ્કર લઇ, અજમેર થઈ અણહીલવાડ ગયો અને ત્યાંથી સોમનાથ પહોંચ્યો. સોમનાથનું મંદિર મજબુત કિલ્લામાં હતું તેથી તેને સર કરતા મહમુદને મુશ્કેલી પડી. મહમુદે પોતાના લશ્કરને ધર્મઝનુનથી ચેતનવંત બનાવ્યું અને હિંદુઓએ અંધશ્રદ્ધાથી મહાદેવ ઉપર ભરોસો રાખ્યો. છેવટે મહમુદની ફતેહ થઇ અને તે સોમનાથનું મંદિર કબજે કરી શકયો. સોમનાથનું મંદિર ઘણુંજ પ્રાચીન હતું અને તેની વાર્ષિક આવક પુષ્કળ હતી એટલે મંદિરમાં અઢળક દ્રવ્યનો સંચય થઇ રહ્યો હતો. પુષ્કળ પૈસો લઇ મહમુદ સિંધને રસ્તે ગઝની પાછો ફર્યો.

Q. 2. Write briefly the character of Mahmud Ghazni.

મહમુદ બહાદુર, સાહસિક અને ધર્માંધ વીર પુરૂષ હતો. તેને પૈસાનો, રાજ્યસત્તા કરતાં પુષ્કળ લોભ હતો. તે જાતે કંજુસ હતો અને તેને હાથેથી પૈસા છુટતા નહતા. ફિરદોસી નામના કવિને એક એક કડી માટે એકેક સોનામહોર આપવાનું વચન તેણે પાળ્યું ન હતું. હિંદની લૂંટમાંથી ભેગું કરેલું ધન તેણે પોતે ગઝની શહેર શણગારવામાં વાપર્યું. તે ઉપરાંત તેણે ગઝનીમાં મસજીદો, દવાખાનાંઓ, મુસાફરખાનાંઓ, પુસ્તકાલયો, સંગ્રહસ્થાનો વગેરે જાહેર ઉપયોગને માટે બાંધ્યાં. આ ઉપરથી માલમ પડે છે કે તે એક હોશિયાર રાજ્યકર્તા પણ હતો. હિંદની લૂટફાટ અને મંદિરોનો નાશ તેણે

નિર્દયપણે ધર્મના ઝનુનથી કર્યો. તે કળાની કદર કરી શકતો પણ હિંદના કળામય દેવળોનો નાશ કરવામાં સહેજ પણ સંકોચાયો નહિ. મહમુદ મહાન સૈનિક હતો, નીડર યોદ્ધો હતો, બહોશ નાયક હતો અને કુશળ રાજ્યકર્તા હતો. વિદ્વાનોને તે ઉત્તેજન આપતો અને નિષ્પક્ષપાતપણે ન્યાય આપતો હતો. મહમુદ ગઝનીના અનેક સાહસિક ગુણોને લીધે ઇતિહાસમાં એક મહાન પુરૂષ ગણાય છે તે છતાં તેણે વિના કારણે હિંદુઓના પવિત્ર સ્થળોનો નાશ કર્યો તે કાર્ય ઇતિહાસકારોની દ્રષ્ટિએ વ્યાજબી ગણાતું નથી

Q. 3. Describe the political condition of Northern India when Mahmud Ghori invaded it.

જ્યારે મહમુદ ઘોરીએ હિંદ પર સવારી કરી ત્યારે તેની સામે થઇ શકે એવા પાંચ મુખ્ય બળવાન રાજ્યો હતા. (૧) કનોજના રાઠોડ (૨) દીહીની ગાદી પર અજમેરના ચૌહાણ (૩) બિહાર અને બંગાળામાં પાલ અને સેન (૪) ગુજરાતમાં વાઘેલા (૫) બુંદેલખંડમાં ચંદેલ. હિંદુસ્તાનમાં હિંદુ રાજાઓમાં એક સંપ ન હતો. તેઓના બે પક્ષ પડી ગયા હતા. એક પક્ષમાં દીલ્હી, અજમેર અને ચિતોડ હતા જ્યારે બીજા પક્ષમાં કનોજ, માળવા અને ગુજરાત હતા. બન્ને પક્ષો વચ્ચે દ્વેષ, ઇર્ષા અને અભિમાન હતાં અને એક બીજાની સત્તા તોડી પાડવા પ્રયાસો થતાં હતાં. પરદેશી આક્રમણો વખતે એકતાની ખાસ જરૂર હતી પણ તેઓ એક સંપ થઈ શક્યા નહિ અને પરદેશીઓને મદદ કરી પોતાના દેશબંધુઓ વિરૂદ્ધ કાર્ય કર્યું. દિલ્હીની ગાદી પૃથ્વીરાજના હાથમાં હતી અને કનોજનો રાજા જયચંદ તેની વિરૂદ્ધ હતો. જયચંદની પુત્રીનું પૃથ્વીરાજ હરણ કરી ગએલો હતો તેથી તેનું વેર લેવા મહમુદ ઘોરીને હિંદ પર સવારી કરવા તેણે ઉત્તેજન આપ્યું હતું.

Q. 4. Give a short account of Mahmud Ghori's invasions.

ઈ. સ. ૧૧૭૬ થી ૧૧૯૫ સુધીમાં મહમુદ ઘોરીએ હિંદ પર સાત સવારીઓ કરી. મહમદ ગઝનીની માફક હિંદ પર તેણે સવારીઓ કરી એટલુંજ નહિ પણ હિંદમાં રાજ્ય સ્થાપવું એવી પણ તેની અભિલાષા હતી. પહેલી ત્રણ સવારીઓમાં તેણે પંજાબ, સિંધ અને વાયવ્ય સરહદના પ્રાંતો જીત્યા હતા. ઇ. સ. ૧૧૯૧ તેણે ચોથી સવારી કરી જે ઘણી અગત્યની હતી. ચોથી સવારી વખતે દિલ્હીની ગાદી પર પૃથ્વીરાજ રાજ્ય કરતો હતો. પૃથ્વીરાજે મહમુદ ઘોરીને સ્થાનેશ્વર આગળ સખત હાર આપી મહમુદ મોતમાંથી બચ્યો અને અફઘાનિસ્તાન નાસી ગયો. ઈ. સ ૧૧૯૩ માં ચુનંદા અને બહાદુર સૈનિકોને લઈ મહમુદ ઘોરીએ ફરી પાછી ચઢાઈ કરી. પૃથ્વીરાજની મદદે આ વખતે ઘણા રજપુત રાજાઓ આવ્યા હતા પણ પૃથ્વીરાજ હાર્યો અને કેદ પકડાયો હતો. મહમુદે અજમેર લૂટ્યું અને શહેરને આગ લગાડી. ત્યારપછી દિલ્હી કબજે કરવામાં આવ્યું. બીજે વરસે દેશદ્રોહી જયચંદનો વારો આવ્યો. મહમુદે જયચંદ પર ચઢાઇ કરી. કનોજનો કિલ્લો સર કર્યો અને શહેરમાંના મંદિરો તેણે લૂટયાં. આ પ્રમાણે મહમુદ ઘોરીની એકપછી એક ચઢાઇના પરિણામે ઉત્તર હિંદુસ્તાનના બળવાન રાજાઓની સત્તા નાશ પામી. મહમુદ ઘોરી હિંદુસ્તાનથી પાછો ફર્યો ત્યારે ઈ.સ. ૧૨૦૬ માં તેનું ખૂન થયું હતું. મહમુદ ઘોરીના મરણ પછી દિલ્હીમાં કુતબુદ્દીનને અને બંગાળામાં બખ્તીયારને ગાદી મળી. મુસલમાન રાજ્યની ખરી શરૂઆત આ સમયથી થઈ.

Q. 5 Describe briefly the effect of the down fall of the Rajput kings.

મહમુદ ઘોરીના આક્રમણ વખતે હિંદમાં કોઇપણ એક ચક્રવર્તી રાજા નહતો તેથી પરદેશીઓના હુમલા શામે ટક્કર ઝીલવાને હિંદના રાજાઓ અસમર્થ હતા. રજપુત રાજાઓમાં એક સંપ નહતો તેથી મહમુદ ઘોરી સાથે યુદ્ધમાં જીત મેળવી શક્યા નહિ અને

પરિણામે તેઓની બળવાન સત્તા નાશ પામી. ઉત્તર અને મધ્ય હિંદમાં પરાજીત થયેલા રાજાઓ રજપુતાનામાં જઈ ભરાયા એટલે દિલ્હીની ગાદીએ મુસલમાની સત્તા બળવાન થઈ શકી. રજપુતોની હારથી હિંદનો ક્ષત્રિય વર્ગ લગભગ નાશ પામ્યો અને તેમની જગ્યાએ લડનાર બીજું કોઇ રહ્યું નહિ. હિંદમાં પરદેશી તત્વ ઉમેરાયું. પુરાતન આર્ય પદ્ધતિમાં નવી પદ્ધતિ દાખલ થઈ. હિંદમાં મુસલમાન પ્રજાનું રાજ્ય દાખલ થયું.

Q. 6 Who were the slave Kings ? What part did Altamash play to establish the Slave Dynasty ?

મહમુદ ગઝની અને મહમદ ઘોરીની એક પછી એક સવારીના પરિણામે હિંદુસ્તાનમાં મુસલમાની સત્તાની સ્થાપનાની શરૂઆત થવા માંડી. મહમદ ઘોરી જ્યારે હિંદુસ્તાનથી પાછો ફર્યો ત્યારે પોતાના રાજ્યના પ્રતિનિધિ તરીકે કુતબુદ્દીનની નિમણુંક કરતો ગયો. કુતબુદ્દીન ગરીબ માબાપનો પુત્ર હતો પણ તે ઘણો ચપળ, હોશિયાર અને લડાઈમાં કાબેલ હતો. ઈ. સ. ૧૨૦૬માં તેણે સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું અને મુસલમાની રાજ્યની ખરી શરૂઆત આ સમયથી થઈ. કુતબુદ્દીન ગુલામ હતો અને તેની પછીના રાજાઓ ગુલામ રાજાઓના નામથી ઈતિહાસમાં ઓળખાયા. ગુલામવંશમાં કુતબુદ્દીન, આરામશાહ, અલ્તમશ, સુલ્તાના રઝીઆ બેગમ, નાસીરૂદ્દીન મહમદ, અને ગ્યાસુદ્દીન બલબન રાજ્ય કર્તાઓ તરીકે થઈ ગયા.

કુતબુદ્દીનના મરણ પછી તેનો પુત્ર આરામશાહ ગાદીએ આવ્યો પણ તે બહુ નબળો માલુમ પડવાથી તેને ઉમરાવોએ પદભ્રષ્ટ કરી અલ્તલશને ગાદીએ બેસાડયો. અલ્તમશ ખાનદાન કુટુંબનો હતો અને કુતબુદ્દીને તેને ગુલામ તરીકે ખરીદ્યો હતો. અલ્તમશે પોતાની હોશિયારીને લીધે કુતબુદ્દીનનું મન જીતી લીધું હતું અને

તેથી કુતબુદ્દીને પોતાની પુત્રી અલ્તમશને પરણાવી હતી. અને તેને જમાઈ તરીકે રોહીલખંડનો સુબો પણ બનાવ્યો હતો.

જ્યારે અલ્તમશ ગાદીએ બેઠો ત્યારે આરામશાહના નબળા રાજ્ય કારભારના પરિણામે સિંધ, બંગાળા અને લાહોરના સુબાઓ સ્વતંત્ર થઈ ગયા. આવી રીતે ગુલામ રાજ્યના ભાગલા પડી ગયા આ સમયે હિંદુ રાજાઓ અને મુસલમાન સરદારો દિલ્હીની સત્તાને ફગાવી દેવા લાગ્યા. સિંધનો સુબો કુબાચા પર અલ્તમશને ચઢાઈ કરવી પડી. બંગાળાના સુબા ગ્યાસુદ્દીને સ્વતંત્ર અમલ ચલાવવાની શરૂઆત કરી. આ પ્રમાણે સંપૂર્ણ રાજ્ય સ્થાપતા પહેલાં અલ્તમશને ઘણી લડાઈઓ લઢવી પડી. પણ તેણે એક પછી એક બધાને હરાવી દીધા. આ બધી જીતથી અલ્તમશની કીર્તિ ઘણી વધી અને બગદાદના ખલીફાએ તેને હિંદુસ્તાનના સુલ્તાન તરીકે કબુલ રાખ્યો

હિંદુસ્તાનમાં, જ્યારે અલ્તમશ રાજ્ય સ્થાપી સ્વતંત્ર બન્યો હતો ત્યારે મધ્ય એશિયામાંથી ચંગીઝખાન નામનો મોગલ સરદાર હિંદુસ્તાનમાં રાજ્ય મેળવવા ઉતરી આવ્યો હતો. ચંગીઝખાન સિંધુ નદી સુધી આવી શક્યો હતો પણ મોગલ લોકોને અહિંની આબો હવા ઘણી ગરમ લાગવાથી તેઓએ પાછા ફરવાનું પસંદ કર્યું હતું

અલ્તમશ રાજ્યને વ્યવસ્થિત અને સારી સ્થિતિમાં લાવી શક્યો હતો. ગુજરાત મેવાડ અને દક્ષિણ હિંદુસ્તાન સિવાય લગભગ આખા હિંદુસ્તાનમાં તેણે રાજ્ય સ્થાપ્યું હતું.

Q. 7. Whom do you think the greatest o the Slave Kings? Give your reasons. Briefl describe his early career?

ગુલામ વંશનો સૌથી મોટો રાજા બલ્બન કહેવાય છે. તે ગુલામ હતો તે છતાં ઘણો હોશિયાર અને કાબેલ હતો. નાસીરૂદીનના સમયમાં તે પ્રધાન હતો અને પ્રધાન તરીકે રાજાની ઘણી સારી સેવા બજાવી હતી. જ્યારે નાસીરૂદીન મરણ પામ્યો ત્યારે બલ્બન દિલ્હીને

પાદશાહ થયો. પ્રધાન તરીકે તેણે સારી કીર્તિ સંપાદન કરી હતી તેથી જ્યારે તેણે રાજ્યની લગામ હાથમાં લીધી ત્યારે તેને કોઈપણ જાતની મુશ્કેલી નડી નહિ.

બલ્બન જ્યારે ગાદીએ બેઠો ત્યારે દિલ્હીની આસપાસ કેટલાક તોફાનીઓએ લૂટફાટ કરી ઘણો ત્રાસ મચાવવા પ્રયાસ કર્યો હતો. આ તોફાની ટોળીને તેણે વશ કરી, ઘણી સખત શીક્ષા કરી. આથી લોકો બલ્બનના ત્રાસથી થથરી ગયા હતા.

બીજું તેના સમયમાં બંગાળાના સુબા તુધ્રિલખાને પોતાની સત્તા જમાવી બળવો કર્યો. તુધ્રિલખાનને કબજે કરવા બલ્બને બે વાર લશ્કર મોકલ્યું હતું પણ તેમાં તે ફાવ્યો નહિ. ત્રીજી વખત તે જાતે લશ્કર લઈ ગયો. તુધ્રિલખાન ભયનો માર્યો નાસી ગયો. આખરે તેને પકડવામાં આવ્યો અને તેના સંબંધીઓને ઘણીજ ક્રુર શિક્ષા કરવામાં આવી. બલ્બન દુશ્મનો તરફ ઘણીજ ક્રુરતાથી વર્તતો હતો.

બલ્બને દારૂનો ત્યાગ કરી, રાજ્યમાં દારૂ બનાવવાની તથા વેચવાની બંધી કરી. તે ઘણો નિષ્પક્ષપાત ન્યાયી હતો. રાજ્યના અમલદારો લાંચ લે નહિ અને સારી રીતે ચાલે તેની તપાસ રાખવા જાસુસખાતું તેણે સ્થાપ્યું હતું. પોતાના રાજ્ય કારભારમાંથી હિંદુઓને કાઢી મૂકી, બહોશ અને પ્રમાણિક મુસલમાન અમલદારો તેણે નીમ્યા હતા. અમલદારોને પણ ગુનાહ માટે તે ઘણી સખત શિક્ષા કરતો.

નાસીરૂદીનના વખતથીજ મોગલોના આક્રમણનો તેને ભય હતો તેથી તેણે સરહદના મુલકમાં ઘણો સારો બંદોબસ્ત રાખ્યો હતો.

બલ્બન તુર્ક કુટુંબનો હતો. તેના પિતા સરદાર હતા, બલ્બન મોગલોને હાથે ગુલામ તરીકે વેચાયો હતો. તે ઘણો ઠીંગણો અને કદરૂપો હતો. અલ્તમશે તેને ખરીદવા ના પાડી હતી. બલ્બનની આજીજીથી અલ્તમશનું હૃદય પીગળ્યું અને આખરે તેણે તેને ખરીદ્યો. શરૂઆતમાં અલ્તમશના અંગરક્ષક તરીકે તેને કામ સોંપવામાં આવ્યું

હતું. રઝીઆ બેગમના વતખમાં તેને જાગીરી આપી હતી. મોગલોને હાંકી કાઢવામાં અને તેમના હુમલા અટકાવવા, બલ્બને ઘણી સારી કુનેહ બતાવી હતી અને તેથી તે પ્રધાનપદ પ્રાપ્ત કરી શક્યો હતો.

આ પરથી માલુમ પડે છે કે બલ્બન એક સાધારણ ગુલામ પરથી રાજાની પદવી પ્રાપ્ત કરી શક્યો અને તેથી તેને સૌથી મોટા ગુલામ રાજા તરીકે ઓળખવામાં આવે છે.

Q. 8. Briefly describe the characters of:-
(a) Razia Begam (b) Nasiruddin and
(c) Bulban

(a) **રઝીઆ બેગમ** અલ્તમતશની પુત્રી હતી અને તે નાનપણથી ઘણી હોશિયાર હતી. જ્યારે અલ્તમશ લઢાઈ માટે પરદેશ જતો ત્યારે રઝીઆને રાજ્ય કારભાર સોંપતો હતો. રઝીઆ ઘણી કુશળતાથી રાજ્ય ચલાવતી હતી. જ્યારે તે ગાદીનશીન થઈ ત્યારે તેની સત્તા સ્વીકારવા કેટલાક ઉમરાવોએ વિરોધ કર્યો હતો પણ તેમને દાબી દેવા તેણે ઘણી ચાલાકી બતાવી હતી. લઢાઇને સમયે બહાદુર સૈનિકની માફક તે મોખરે રહેતી. રાજ્ય દરબારમાં વિના સંકોચે પડદા વગર ન્યાય આપતી. તે એક સ્ત્રી હતી તે છતાં રાજ્યકર્તાના પુરૂષને લાયક સર્વ ગુણો તેનામાં હતાં. સ્ત્રી તરીકે તેનામાં માત્ર એકજ દોષ હતો. તે એક ગુલામ તરફ પ્રેમની લાગણી બતાવતી હતી.

(b) **નાસીરૂદ્દીન** ભલો, પવિત્ર અને દયાળુ ગુલામ વંશનો રાજા હતો. દુઃખી અને ગરીબો તરફ તે માયાની નજરે જોતો. તે એકાંત અને શાંત જીવન ગુજારવાનું પસંદ કરતો. ફુરસદના વખતમાં તે કુરાનની હાથે નકલ કરતો અને પછી તેને વેચતો. વેચાણમાંથી જે પૈસા મેળવતો તેમાંથી સાદું :જીવન ગુજરતો. તે પોતાની સ્ત્રી પાસે રસોઈ કરાવી ખાતો અને રાજ્ય વૈભવ કે સુખ કદી ભોગવવા ઇચ્છતો ન હતો. તે પોતે એમ માનતો કે "હું રાજ્યનો રખેવાળ

છું અને માલીક નથી." તે બીજાઓ તરફ ઘણા માનપૂર્વક વર્તતો અને તેના સાદા અને સરળ જીવનની છાપ પ્રજા પર ઘણી સારી પડી હતી.

(c) **બલ્બન** માત્ર ગુલામ હતો તે છતાં તેણે રાજ્ય ગાદી પ્રાપ્ત કરી. દુશ્મનો તરફ ક્રુર, બીજાઓ તરફ માયાળુ, ન્યાયી, રાજ્યકારભારમાં નિપુણ, ઘણોજ ઘાતકી અને ક્રુર, દૃઢ નિશ્ચયવાળો તે હતો. વધુ માટે જુઓ જવાબ નં ૭.

Q. 9 Write short notes on Alladin Khilgi's (1) Military reforms, (2) Struggle with the Rajputs and (3) invasion of the Deccan.

(૧) અલાઉદ્દીન ગાદીએ બેઠા પછી પોતાના રાજ્યનો વિકાસ ગુજરાત, રજપુતાના, દખ્ખણ વગેરે જીતી લઇ કર્યો. રાજ્યનો વિસ્તાર કરવા માટે તેની પાસે સારૂં, વ્યવસ્થિત લશ્કર હતું. અલાઉદ્દીન પોતે એક કુશળ સૈનિક હતો. મોટું રાજ્ય સ્થાપિત કર્યા પછી તેનું રક્ષણ કરવા અને દુશ્મનોને દબાવી રાખવા ઘણું મોટું લશ્કર તે રાખતો હતો લશ્કરના સૈનિકો રાખતી વખતે તે જાતે દેખરેખ રાખતો. સૈનિકોને રોકડ પગાર આપવાનું ધોરણ તેણે દાખલ કર્યું મોટું સૈન્ય નિભાવવા તેને પુષ્કળ ખરચ કરવો પડતો તેટલા માટે લશ્કરના નિભાવ માટે જોઇતી ચીજોના ભાવો તેણે પોતે નક્કી કર્યાં. સરહદના પ્રાંતોમાં લશ્કરનો સારો બંદોબસ્ત કરી મોગલોના હુમલા અટકાવવા તેણે પ્રયાસ કર્યો. આવી જાતની વ્યવસ્થાથી તેણે પોતાના રાજ્યમાં સુલેહશાંતિ સ્થાપી.

(૨) ગુજરાત જીત્યા પછી અલાઉદ્દીને રજપુતાના જીતવાનો પ્રયત્ન કર્યો ઇ. સ. ૧૨૯૯ માં તેણે રણથંભોરનો કિલ્લો જીતવા લશ્કર મોકલ્યું. મુસલમાન લશ્કરે કિલ્લાને ઘેરો ઘાલ્યો પણ રજપુતોએ તે લાંબા વખત સુધી ટકાવી રાખ્યો. રજપુતોના શૌર્યને લીધે મુસલમાન લશ્કરને ઘેરો ઉઠાવી લેવાની ફરજ પડી બીજે વર્ષે

અલાઉદ્દીન પોતે લશ્કર લઈ ચઢી આવ્યો તેમાં પણ તે ફાવ્યો નહિ. આખરે છળકપટ અને દગાથી તેણે રજપુતોને હરાવ્યા.

ત્યારપછી અલાઉદ્દીને ચિતોડ પર ચઢાઇ કરી. ચિતોડના રાણા ભીમસિંહની પત્ની પદ્મીની ઘણી સુંદર હતી અને તેને પોતાની બેગમ બનાવવા અલાઉદ્દીન ઇચ્છતો હતો. આ કારણથી ચિતોડના કિલ્લાને ઘેરો ઘાલ્યો. છળકપટ અને દગાથી આ વખતે પણ તેણે રાજા ભીમસિંહને કેદ પકડયો પણ પદ્મીનીની ચાલાકીથી તે છૂટો થઈ શકયો. રજપુતો ઘણી બહાદુરીથી લડયા પણ તેમની સંખ્યા ઓછી હોવાથી તેઓ હારી ગયા. આ રીતે ચિતોડ મુસલમાનોના હાથમાં ગયું.

(૩) ઉત્તર હિંદુસ્તાનના લગભગ મોટા ભાગનો રાજા અલાઉદ્દીન થયો અને સરહદ પર મોગલોના હુમલા નહિ થવાથી તેનું ધ્યાન દક્ષિણ હિંદુસ્થાન જીતવામાં ખેંચાયું. દિલ્હીમાં તે લાંબો સમય ગેર-હાજર હતો તેથી ત્યાં ગેરવ્યવસ્થા થવા પામી અને તેથી પોતે જાતે દક્ષિણમાં ગયો નહિ પણ પોતાના સરદાર કાફુરને મોકલ્યો દેવ-ગિરિના રાજા રામદેવે ખંડણી આપવી બંધ કરી હતી તેથી કાફુરે તેના પર ચઢાઇ કરી. રામદેવ તાબે થઇ ગયો. ત્યાર પછી કાફુરે વરંગુળ (મ્હૈસુર) જીત્યું. ત્યારપછી રામેશ્વર સુધીનો લગભગ બધોજ પ્રદેશ તેણે જીતી લીધો. આ રીતે દક્ષિણ હિંદુસ્તાન પણ મુસલમાની સત્તા હેઠળ ગયું.

Q. 10. Give a short account of Alladin's Conquests and form an estimate of him as a soldier and an administrator.

રાજ્ય વિસ્તાર—ગૂજરાત, રજપૂતાના, માળવા અને દક્ષિણ હિંદુ-સ્તાનમાં છેક રામેશ્વર સુધીનો પ્રદેશ અલાઉદ્દીને પોતાના કબજામાં આણ્યોહતો. જુઓ ઉપલો જવાબ નં. ૯ નો ભાગ (૨) અને (૩).

અલાઉદ્દીનની ઘણી જીત અને મોટું લશ્કર રાખી તેને નીભાવવાની કુનેહ એજ પુરવાર કરે છે કે અલાઉદ્દીન એક ઘણોજ બહાદુર સૈનિક હતો. લશ્કર વ્યવસ્થિત રાખવા તેણે ઘણી હોશિયારીથી કામ કર્યું હતું. જુઓ ઉપલો જવાબ નં. ૯ માં ભાગ (૧).

રાજ્ય કારભાર—અલાઉદ્દીન ઘણા મોટા રાજ્યનો કર્તા હતો તેને નિભાવવા ઘણું મોટું લશ્કર તે રાખતો હતો. તે ઘણો કડક રાજ્ય કર્તા હતો અને તેના હુકમો પળાવવા ઘણી સખત રીતે વર્તતો હતો. પૈસાદાર સરદારો જો બળવો કરવા પ્રયાસ કરતા તો તેની મીલ્કત અને જાગીરો જપ્ત કરી તેમને નબળા પાડતો. જાસુસી ખાતા વડે ગુપ્ત હીલચલો પર તે ધ્યાન આપતો અને તેને માટે ઘણા સખત પગલાં લેતો. સરદારો અને ઉમરાવોને કદી ભેગા થવા તે તક આપતો નહિ. દારૂની બંધી તેણે કરી હતી. ધનવાન અને શ્રીમંત લોકો પાસે પુષ્કળ પૈસા પડાવતો. ન્યાયખાતામાં સુધારો કરી લાંચ વગેરે તેણે બંધ કર્યાં હતાં. તેના રાજ્યમાં વેપાર રોજગાર વધે અને ગરીબ લોકો સુખી થાય એવો બંદોબસ્ત તેણે કર્યો હતો. લશ્કરી અમલથી રાજ્યમાં વ્યવસ્થા અને શાંતિ તેણે સ્થાપી હતી.

Q. 11. What is your opinion about the character of Mahmud Tughlak as an administrator.

મહમદ તઘલખ ઘણો જ્ઞાની, વિચારવંત, બુદ્ધિશાળી, ઉદાર અને શૂરવીર રાજા હતો તેમ છતાં તે કેટલીક બાબતોમાં મગજનું સમતોલપણું જાળવીને વિચાર કરી શકતો નહિ. તેનો સ્વભાવ ઉતાવળીઓ અને ઉગ્ર હતો અને તેને લીધે રાજા તરીકે લોકોમાં મહમદ તઘલખ પ્રિય નહતો.

મહમદ તઘલખ ગાદીએ બેઠો ત્યારે રાજ્યનો વિસ્તાર ઘણોજ હતો અને દક્ષિણનું રાજ્ય પણ તેના અમલ હેઠળ હતું. આ કારણથી અને મોગલોના હુમલામાંથી બચવા માટે તેણે દિલ્હીને પાટનગર

તરીકે ફેરવી નાંખી દેવગિરિને પાટ નગર બનાવવાનું સાહસ કર્યું. આમ કરવાથી પ્રજાને ઘણી મુસ્કેલી પડી અને લોકો દુઃખી થયા. નવા પાટનગરનું નામ દૌલતાબાદ પાડયું અને દિલ્હીથી દૌલતાબાદ સુધીનો રસ્તો તૈયાર કરવામાં ઘણો મોટો ખરચ તેણે કર્યો. નવાં પાટનગરમાં જતાં ઘણાં માણસો મરણ પામ્યાં અને કેટલાંક હેરાન થઈ દિલ્હી પાછાં ફર્યાં. આ પ્રમાણે નવું પાટનગર વસાવવાની યોજના નિષ્ફળ નીવડી. લોકોને નવા શહેરમાં જઇ વસવા માટે સુલતાને જે ફરજ પાડી હતી તે વાસ્તવિક ન હતી.

ઈ. સ. ૧૩૨૯માં મોગલોએ હિંદુસ્તાન પર ચઢાઈ કરી ત્યારે મહમુદ તેમની સાથે યુદ્ધ નહિ કર્યું પણ પુષ્કળ પૈસા આપી તેમને પાછા કાઢયા. આમ કરવાથી ખજાનાનો મોટો ભાગ ખાલી થઇ ગયો અને તેથી ખેડુતો પર કરનો બોજો વધ્યો. ખેડુતો કરના બોજાથી કંટાળી જઇ નાસી ગયા તેમને પણ સુલતાને હેરાન કર્યાં.

ચીન દેશ જીતવા તેણે ઘણું મોટું લશ્કર તૈયાર કર્યું. આ લશ્કરને નેપાળમાં થઈ હિમલાયની ખીણો મારફત જવું પડયું. ઘણાં માણસો મુસાફરીમાંજ મરણ પામ્યા અને જે લશ્કર બાકી રહ્યું તે હારી ગયું. ચીન જીતાયું નહોતું ત્યાર પહેલાં ઇરાન જીતવા એક લાખ માણસનું લશ્કર તેણે મોકલ્યું. લશ્કરને પગાર ન મળતાં સૈનિકોએ લૂટફાટનો ધંધો શરૂ કર્યો. આ પ્રમાણે પોતાના તરંગ પ્રમાણે વર્તી મહમદે બધો ખજાનો ખાલી કરી નાંખ્યો એટલે રાજ્ય કર્તા તરીકે આ તેની મોટી ખામી હતી.

પૈસાની તંગીને લીધે કાગળની નોટો અને સિક્કા પડાવવા તેણે શરૂ કર્યાં. તાંબાના સિક્કાની કિંમત સોનાના સિક્કા જેટલી ગણવા હુકમ કર્યો. એટલે લોકોએ પણ એવા સિક્કા પાડયા. સિક્કા પાડવાના હક પર તેણે કોઈ પણ જાતનો કાબુ રાખ્યો નહિ આ રીતે સરકારની તીજોરીમાં ઘણી ખોટ ગઇ અને પરદેશ સાથેનો વેપાર

પડી ભાંગ્યો. આ જાતના રાજ્ય કારભારમાં પણ એણે ઘણી મોટી ભૂલ કરી હતી.

મહમદનું રાજ્ય ઘણું મોટું હતું. તેની રાજ્ય વ્યવસ્થાથી લોકો કંટાળી ગયા હતા અને તેથી બધે અવ્યવસ્થા થઇ ગઈ અને સરદારો બંડખોર બન્યા હતા.

Q. 12. Show how Mahmud Taghlak's character was strange. જુઓ જવાબ નં. ૧૧.

Q. 13. Show how the Empire of Mahmud Taghlak was weakened by his impracticable measures. જુઓ જવાબ નં. ૧૧.

Q. 14. Give a short account of the administration of Phiroz Taghlak.

મહમદ તઘલખના રાજ્ય કારભારથી દેશની સ્થિતિ ઘણીજ ખરાબ થઇ ગઈ હતી. ફીરોઝે રાજ્યમાં શાંતિ સ્થાપી હતી. આ કાર્યમાં મદદ કરવા તેને પાસે એક ઘણોજ હોશિયાર અને કાબેલ વજીર મુકબુલખાન હતો. ખેડુતોની સ્થિતિ તેણે સુધારી. જે જમીનો પડતર રહી હતી તેને ખેડાવવા ઉત્તેજન આપ્યું. આમ કરવાથી રાજ્યની આવક વધી. બાકી રહેલું મેસુલ તેણે માફ કર્યું અને કર ઓછા કર્યા. તે ઉપરાંત સતલજ અને જમના નદીમાંથી નેહરો તેણે ખોદાવી. વાવો, તળાવો, પૂલો, ધર્મશાળાઓ, દવાખાનાઓ વગેરે અનેક લોકોપયોગી સંસ્થાઓ તેણે તૈયાર કરાવી હતી. તેણે ફિરોઝાબાદ, ફત્તેહબાદ, જુઆનપુર વગેરે કેટલાંક શહેરો વસાવ્યાં હતાં. આથી લોકો સુખી થયાં. અને વેપાર રોજગાર પણ વધ્યો હતો.

ફીરોઝશાહ ગરીબો તરફ દયા બતાવતો અને ન્યાય તરફ ખાસ લક્ષ આપતો. અમલદારોના અનેક જુલમ તેણે બંધ કર્યાં હતાં કોઇ અમદાર લાંચ લેતો પકડાતો તો તેને ઘણી સખત શિક્ષા તે કરતો. હતો.

ફીરોઝશાહ ચુસ્ત મુસલમાન હતો અને તે મૂર્તિ પૂજાનો કટ્ટો દુશ્મન હતો. હિંદુઓ પ્રત્યે તે ગેરવર્તણુક બતાવતો અને બ્રાહ્મણો ઉપર જઝીઆ વેરો તેણે નાખ્યો હતો.

ફિરોઝશાહે સરદારોને પગારને બદલે જાગીર આપવાનો રિવાજ દાખલ કર્યો. હતો. આ જાતની નીતિ અખત્યાર કરવાથી રાજ્યનો પાયો નબળો પડતો ગયો. રાજ્ય કારભારમાં મોજશોખ અને આળસ વધી જવાથી અંધાધુંધી વધવા લાગી. મહમદ તઘલખના કરતાં તેની રાજ્યનીતિ જો કે તદ્દન જુદાજ પ્રકારની હતી ઉપલા કારણોને લીધે રાજ્યની પડતીનાં બી ફીરોજશાહના વખતમાં વવાયાં.

Q. 15. Show the contract between the policy of administration of Mahmud and Phiroz Taghlak. જુઓ જવાબ નં. ૧૧ અને ૧૪.

Q. 16. Give a brief history of Bahamni Kingdom.

બહામણી રાજ્ય સ્થાપનાર હસન નામનો એક મુસલમાન સરદાર હતો. તે એક બ્રાહ્મણ જોશીનો નોકર હતો પણ ઘણો બુદ્ધિશાળી હતો. મહમદ તઘલખના સમયમાં રાજ્યમાં અવ્યવસ્થા થવાને કારણે તેણે ઈ. સ. ૧૩૪૭માં ગુલબર્ગમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું. બહામણી રાજ્યમાં ૧૮ બાદશાહો થયા હતા.

હસને બિડર, માલખેળ, ગોવા, ડભોલ, કોલાપુર, તેલંગ વગેરે જીતી લઇ રાજ્યનો વિસ્તાર વધાર્યો હતો. હસન પછી મહમદશાહ બીજો ગાદીએ આવ્યો. તેણે તેલંગ તથા વિજયનગરના હિંદુ રાજાઓ સાથે લડાઈ કરી અને ગોવલકોંડાનો કિલ્લો જીતી લીધો હતો. ત્યાર પછી ફિરોઝશાહ, અહમદશાહ, અલ્લાઉદ્દીન, હુમાયુ વગેરે રાજાઓ થઇ ગયા. તેઓએ વિજયનગરના રાજાઓ સાથે અવરનવર લડાઇઓ કરી હતી. હુમાયુના મરણ પછી નિઝામશાહ ગાદીએ આવ્યો. તે ફકત આઠ

વર્ષનો હતો. એ વર્ષ પછી તે મરણ પામ્યો એટલે તેનો ભાઇ મહમદશાહ ત્રીજો ગાદીએ આવ્યો. તેના વખતમાં મહમદ ગવાન નામનો કુશળ વઝિર હતો. તેણે ઘણી સારી રીતે રાજ્ય વ્યવસ્થા કરી. રાજ્યમાં સુધારા દાખલ કર્યા. નાણાંની સ્થિતિ સુધરી. ન્યાય ખાતું સુધાર્યું. કેળવણીને ઉત્તેજન આપ્યું. જમીનની માપણી કરાવી. કોંકણ, ઓરિસ્સા તથા વિજયનગરના રાજ્ય સાથે લડાઈ કરી બહામણી રાજ્યની હદ વધારી. મહમદ ગવાનની કુશળતા પ્રત્યે ઇર્ષાના કારણે અમુક પક્ષે તેનું ખૂન કરાવ્યું હતું મહમદ ગવાનના મરણથી બહામણી રાજ્યના નાશની શરૂઆત થઇ. તેના મરણ પછી આખા રાજ્યના પાંચ ભાગલા પડી ગયા. દરેક રાજ્યના સ્વતંત્ર સુબેદારે પોતાની શાહી (ગાદી) સ્થાપી આ પ્રમાણે બહામણી રાજ્ય વેચાઇ જવાથી અને એક બીજા સાથે લડાઈ કરવાથી આખું રાજ્ય નાશ પામ્યું હતું.

Q. 17. How was the Hindu Kingdom of Vijayanagar established? Describe the social and economic condition of the people during the period of the Hindu Kingdom.

અલાઉદ્દીન ખીલજીના સમયમાં દક્ષિણ હિંદુસ્તાનમાં દેવગિરિ, વરંગળ અને રામેશ્વર સુધીના ભાગો કાફુરની મદદથી જીતી લઇ ત્યાં મુસલમાની રાજ્ય સ્થાપવામાં આવ્યું હતું. હરિહર અને બુક્કરાય નામના વરંગળના બે હિંદુ નોકરોએ તુંગભદ્રા નદીને કાંઠે વિજય-નગરનું રાજ્ય સ્થાપ્યું હતું. બન્ને ભાઇઓ મુસલમાનોના આક્રમણથી કંટાળી ગયા હતા તેથી તેઓએ માધવાચાર્યની મદદ લીધી હતી. દિલ્હી સલતનત નબળી પડતાં કૃષ્ણાથી કાવેરી સુધીના પ્રદેશમાં તેઓએ પોતાની સત્તા જમવી હતી. આ રાજ્યની ઉત્તરે બામણી રાજ્ય આવેલું હતું અને તે મુસલમાની હોઇ તેમની સાથે આ બે ભાઈઓને ઘણી વખત લડાઇ લડવી પડી હતી. વિજયનગર તુંગભદ્રા નદીને દક્ષિણ

કિનારે ડુંગરોની વચમાં આવેલું હોવાથી તે શહેરનું રક્ષણ કુદરતી રીતે ઘણું સારૂં હતું.

વિજય નગરનું રાજ્ય લગભગ ૨૩૦ વર્ષ સુધી દક્ષિણના હિંદુ ધર્મઅનેસંસ્કૃતિના નિભાવ રૂપ હતું. તે સમય દરમ્યાનદક્ષિણ હિંદુસ્તાનમાં હિંદુ દેવળો બંધાયા અને હિંદુઓ એકત્ર થઇ મુસલમાનોના જુલમથી બચવા પામ્યા. સંસ્કૃત અને તેલગુ સાહિત્યને ઉત્તેજન મળ્યું તે સમયે રાજ્ય વ્યવસ્થા સારી હોવાથી લોકો સુખી હતા.

ઇ. સ. ૧૫૦૯માં કૃષ્ણદેવરાય વિજયનગરનો રાજા થયો. તેના સમયમાં આ રાજ્ય પુરેપુરી જાહોજલાલી અને સમૃદ્ધિએ પહોંચ્યું હતું. વેપાર રોજગાર એટલો બધો ચાલતો હતો કે બજારોમાં આખો દિવસ ભીડ રહેતી. શહેરમાં ઘણીજ વસ્તી હતી અને શહેરની દુકાનો, ઘરો, બજારો, બગીચાઓ વગેરે રાજ્યની આબાદીનો સારો ખ્યાલ આપતા. તે ઉપરાંત શહેરમાં મહેલો, પાઠશાળાઓ અને સુંદર તીજોરીગૃહ પણ હતાં. નહેરો વાટે ખેતરોમાં પાણી પુરૂં પાડવામાં આવતું હતું તેથી ખેતી સારી થતી હતી.

દક્ષિણ હિંદુસ્તાનના લગભગ બધાજ બંદરો આ રાજ્યને કબજે હતાં અને તે બંદરોના રક્ષણાર્થે મોટો કાફલો રાખવામાં આવતો હતો. આ હકીકત ઉપરથી માલમ પડે છે કે વિજયનગરના હિંદુ રાજ્ય દરમ્યાન હિંદુ લોકોની આર્થિક સ્થિતિ સારી હતી. ગરીબ અને પૈસાદાર લોકો ઘરેણાં પહેરી ફરતાં હતાં સતીનો રિવાજ હતો પણ સ્ત્રી ગુલામી દશામાં નહતી. સ્ત્રીઓને કેળવણી આપવામાં આવતી અને તેઓ કળા અને જ્ઞાનમાં આગળ વધી હતી. બ્રાહ્મણોને માન આપવામાં આવતું અને દેહાંત દંડની શિક્ષામાંથી તેમને રક્ષણ મળતું. ગાયનું માંસ ખાવાનો રાજ્યમાં પ્રતિબંધ હતો. સમૃદ્ધિ અને વૈભવને લીધે લોકોમાં અનેક દુર્ગુણો નજરે પડતા હતા.

Q. 18. Give a brief account of the growth of the Kingdom of Vijayanagar and state the causes of its downfall.

હરિહર અને બુક્કરાય નામના બે માણસોએ વિજયનગરનું રાજ્ય ઈ.સ. ૧૩૩૬માં સ્થાપ્યું હતું. (જુઓ જવાબ ૧૭ પહેલો પેરો) ઈ. સ. ૧૩૫૩માં હરિહર પછી બુક્કરાય ગાદીએ આવ્યો તેણે રાજ્યનો વિસ્તાર ત્રિચિનાપલ્લી અને કાંજીવરમ સુધી વધાર્યો હતો. તે ઈ. સ. ૧૪૦૪માં મરણ પામ્યો. ત્યાર પછી ઈ સ, ૧૫૦૫ સુધી રાજ્યનો વિસ્તાર ખાસ થયો ન હતો. પણ રાજ્ય વ્યવસ્થાને લીધે તે સુખી હતું. ઈ સ. ૧૫૦૫માં કૃષ્ણદેવરાય રાજા થયો. તેના સમયમાં કૃષ્ણાથી કન્ય કુમારી સુધી રાજ્યનો વિસ્તાર વધ્યો હતો. ઓરિસાના રાજાને તેણે હરાવ્યો હતો કૃષ્ણદેવરાયના વખતમાં આ રાજ્ય પુરેપુરૂં સમૃદ્ધિવાન હતું. તેના મરણ પછી રાજ્યની પડતી શરૂ થઈ.

કૃષ્ણદેવરાય પછી અચ્યુતદેવ અને સદાશીવરાય નામના રાજાઓ થયા હતા. રાજ્યની જાહોજલાલીથી હિંદુઓ મગરૂર બન્યા અને તેથી તેઓએ મુસલમાનોનું અપમાન અનેક રીતે કરવા માંડયું. મસજીદો ભાંગી નાંખી, સ્ત્રીઓ પ્રત્યે ગેરવર્તણુંક બતાવી અને મુસલમાન લોકો પર બેહદ સીતમ ગુજારવા માંડયો. આ બધા કારણોને લઈને બીજાપુર, અહમદનગર, ગોવલકોંડા અને બિડર એક થઈ ગયાં અને ૧૬૬૫માં હિંદુ રાજ્ય પર તેઓએ ચઢાઈ કરી તેનો ચુરેચુરો કરી નાંખ્યો. આ યુદ્ધને તાલીકોટાનું યુદ્ધ કહે છે. આ જીતથી વિજયનગર શહેરમાં મુસલમાનોએ ખૂબ લુંટ ચલાવી, હિંદુઓની કતલ કરી, દેવળો ભાંગી નાંખી મૂર્તિનો નાશ કરી, બેહદ અત્યાચાર કર્યો. આ રીતે દક્ષિણ હિંદનું એક મોટું હિંદુ રાજ્ય નાશ પામ્યું.

Q. 19 Describe briefly the political condition of India at the time of the invasion of Babar.

દિલ્હીના પાદશાહ ઇબ્રાહીમ લોદીના અસંતોષકારક રાજ્ય કારભારને પરિણામે અને ઉમરાવોની સામે થઈ તેમને દાબી દેવાને કારણે રાજ્યમાં ગેરવ્યવસ્થા અને માંહેમાંહે લડાઈ શરૂ થઈ હતી. બહલોલ અને સિકંદરે જીતેલા પ્રદેશો એક પછી એક સ્વતંત્ર થયા. ઇબ્રાહીમ લોદીનો રાજ્ય કારભાર નિષ્ફળ નીવડયો હતો. દિલ્હીની સલતનતથી સ્વતંત્ર બનેલાં રાજ્યોમાં રાજ્યકીય અને ધાર્મિક કારણોને લઇને કુસંપ પુષ્કળ હતો. પંજાબના હાકેમ દૌલતખાન લોદીએ બળવો જગાવી બાબરને હિંદુસ્તાન પર ચઢી આવવા આમંત્રણ આપ્યું. આ પરથી માલમ પડે છે કે દિલ્હીની રાજ્ય સત્તા લગભગ નાશ પામી હતી અને તેનો લાભ બાબરને મળ્યો.

તૈમુરની સ્વારી પછી ફિરોઝ તઘલખનું મુસલમાન રાજ્ય નબળું પડયું હતું અને તેને પરિણામે ગૂજરાત, માળવા, ખાનદેશ અને જુઆનપુરમાં સ્વતંત્ર રાજ્યોની સ્થાપના થઈ હતી. લોદી રાજાઓના વખતમાં મેવાડ, સિંધ, કાશ્મીર અને નેપાળના સ્વતંત્ર રાજ્યો સ્થપાયાં હતાં. આ રીતે દિલ્હીની રાજ્યસત્તા ઓછી અને ઓછી બળવાન થતી ગઈ.

દક્ષિણ હિંદુસ્તાનમાં ચૌદમા સૈકામાં જે બામણી રાજ્યની સ્થાપના થઈ હતી તે આખું રાજ્ય નબળું પડી ગયું હતું અને તેના પાંચ ભાગલા પડી ગયા હતા અને તે દરેક ભાગનો શાહ સ્વતંત્ર બન્યો હતો. આ પ્રમાણે બાબરની ચઢાઈ વખતે પાંચ બામણી રાજ્યો હસ્તીમાં હતાં.

મહમદ તઘલખના આક્રમણથી કંટાળી ચૌદમા સૈકામાં દક્ષિણ હિંદમાં મોટું હિંદુ વિજયનગરનું રાજ્ય સ્થપાયું હતું. તે ચૌદમા અને પંદરમાં સૈકામાં બહુ સમૃદ્ધિવાન રાજ્ય ગણાતું. એ રાજ્યને લીધે હિંદુ ધર્મ અને તેની સંસ્કૃતિનું ઘણું સારૂં રક્ષણ થયું હતું. ૧૫૦૯માં કૃષ્ણદેવરાયના સમયમાં કૃષ્ણાથી કન્યાકુમારી સુધીનો મુલક તે રાજ્યની સત્તા હેઠણ હતો. હિંદુ અને મુસલમાન સત્તાની સ્પર્ધા,

અદેખાઈ અને એકબીજાની ગેરવર્તણુંકને લીધે વિજયનગરનું રાજ્ય પણ નબળી સ્થિતિમાં આવી ગયું હતું.

જ્યારે બાબરે હિંદ પર ચઢાઈ કરી ત્યારે દિલ્હીની રાજ્ય સત્તા તદ્દન નબળી હતી. રજપુતો અને મુસલમાનો એક બીજા સાથે લઢતા હતા તેમજ મુસલમાન સરદારો પણ માંહોમાંહે લઢતા હતા. આથી દેશમાં કુસંપ અને ગેરવ્યવસ્થા સિવાય બીજું કશું હતું જ નહિ. તે ઉપરાંત હિંદુસ્તાનમાં કોઈપણ એક ચક્રવર્તી રાજા તે વખતે ન હતો.

Q. 20 What do you know of:-Kabir, Shri Valabhacharya and Nanak.

કબીર-રામાનુજ પછી રામાનંદે વૈષ્ણવ પંથનો ઉપદેશ કર્યો હતો રામાનંદનો સૌથી મોટો શિષ્ય કબીર હતો. તે બચપણમાં મુસલમાન વણકરને ત્યાં ઉછર્યો હતો. તે હિંદી ભાષામાં ઉપદેશ કરતો અને તેણે મૂર્તિપૂજા અને ધાર્મિક રીતરિવાજોની વિરૂદ્ધ બોધ કર્યો હતો. "ઇશ્વર એકજ છે અને બધા માણસને તે સરખી નજરે જુએ છે, બધાજ માણસો ઇશ્વરના દરબારમાં સરખા છે," એવો એનો બોધ હતો તેના અનુયાયીઓ કબીર પંથીઓ કહેવાય છે. ગુરૂ નાનક પણ કબીર પંથી હતા અને શીખો તેને ગુરૂ તરીકે માનતા.

શ્રી વલ્લભાચાર્ય-ઈ. સ. ૧૪૭૯માં વલ્લભાચાર્યનો જન્મ તૈલંગી બ્રાહ્મણને ત્યાં થયો હતો. નાની વયમાં તેમણે ઉચ્ચ કોટીનું જ્ઞાન અને વિદ્યા સંપાદન કર્યું હતું. તેઓએ મથુરા, વૃંદાવન, બનારસ વગેરે સ્થળોએ મુસાફરી કરી બોધ કર્યોહતો. 'બ્રહ્મ અને આત્મા એકજ છે. ભક્તિથી આત્મા બંધનમૂક્ત થાય છે" એવો તમનો ઉપદેશ હતો. તેમનો માર્ગ પુષ્ટિમાર્ગ કહેવાય છે અને તેમના પંથ પ્રમાણે ચાલનારાઓ વૈષ્ણવ કહેવાય છે. વૈષ્ણવો કૃષ્ણને બાળસ્વરૂપે પૂજે છે.

નાનક-શિખ લોકોના ધર્મગુરૂ નાનકનો જન્મ પંજાબમાં ઈ. સ. ૧૪૬૯ માં થયો હતો. એમનો હેતુ હિંદુ અને મુસલમાનોને એક કરવાનો હતો. નાનકે શીખ પંથ સ્થાપ્યો અને ઘણા હિંદુ-મુસલ-

માનોએ તે સ્વીકાર્યો હતે. હિંદુ અને મુસલમાન બધાના ઈશ્વર એકજ છે એમ તેમનો મુખ્ય બોધ હતો. કબીર પછી દાદુએ પણ ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો હતો. અને વર્ણબંધન તોડી નાંખવા પ્રયત્નો કર્યાં હતા.

Q. 21. Who were the Moghuls? What circumstances helped Babar to establish the Moghul power in India?

મોગલ પ્રજા મૂળ તાતૅર જાતિની હતી અને તેઓ મધ્ય એશિયાના રહેવાસી હતા. તેઓ ઇસ્લામી ધર્મ માનતા હતા. તેઓ શૂરવીર, લડાયક અને ઝનુની હતા. ચંગીઝખાન અને તૈમૂર જેવા મહાન સરદારોની સરદારી હેઠળ તેમણે એશિયા અને યુરોપના જુદા જુદા ભાગોમાં આક્રમણ કર્યું હતું. અફઘાન અને પઠાણ સુલતાનોએ મોગલોને હિંદુસ્તાન પર ચઢી આવતા અનેક વાર અટકાવ્યા હતા. તૈમૂરના આક્રમણને લીધે દિલ્હીની સલતનત પડી ભાંગી હતી.

તૈમૂર હિંદુસ્તાનમાં રહ્યો નહિ પણ સ્વદેશ પાછો ફર્યો. ત્યાર પછી ઇબ્રાહીમ લોદીના નબળા રાજ્ય કારભારને લીધે દિલ્હીની સલ્તનત તદ્દન નબળી પડી ગઈ હતી. હિંદની રાજકીય પરિસ્થિતિ વિષે બાબરને સઘળી માહિતી હતી. તેની મહત્વકાંષા હિંદ જીતવાની હતી. હિંદુસ્તાન સોનારૂપાથી ભરપૂર સમૃદ્ધિવાન દેશ હતો તેથી તેના પર ચઢાઈ કરવાની તક તે શોધતો હતો. બાબરે ઈ. સ. ૧૫૦૫ અને ૧૫૧૯માં બે વાર ચઢાઈ કરી હતી. લાહોરના સુબા દોલતખાન લોદીને દિલ્હીના પાદશાહ ઇબ્રાહીમ લોદી સાથે તકરાર થઈ તેથી દોલતખાને બાબરને હિંદુસ્તાન પર ચઢી આવવા માંગણી કરી હતી. ઇબ્રાહીમ લોદીના કાકા આલમખાને જાતે કાબુલ જઈ બાબરની સહાય માંગી હતી. જોઈએ તેવા સંજોગો બાબરને મળી ગયા કારણ કે તેને તો હિંદ જીતવુંજ હતું. ઇ. સ. ૧૫૨૪ તેણે મોટું લશ્કર લઈ હિંદ પર ચઢાઇ કરી પણ તેમાં તે ફાવ્યો નહિ. ઈ. સ. ૧૫૨૬ માં

ફરીથી તે પાછો ચઢાઈ લઇ આવ્યો હતો. પાણીપતના મેદાનમાં ઘણી મોટી લઢાઈ થઇ. ઇબ્રાહીમ માર્યો ગયો એટલે દિલ્હી અને આગ્રા શહેર બાબરે કબજે કર્યા. આ પ્રમાણે બાબરે હિંદુસ્તાનમાં મોગલ સલતનતની સ્થાપના કરી. બાબરે પોતાના પુર્વજોની માફક લૂટફાટ કતલ કે જુલમ કર્યો નહતો.

Q. 22 Give a short account of the difficulties of Babar after the battle of Panipat (in 1526). How did he over come them ?

પાણીપતના યુદ્ધમાં બાબરની જીત થઇ અને તેથી હિંદુસ્તામાં મોગલ વંશની સ્થાપના થઈ. બાબરને શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓ નડી. હિંદમાં ઘણા રાજાઓ, મુસલમાન સુબાઓ અને જુદી જુદી જાતના રાજ્ય કર્તાઓ હતા. તેમને બાબર તરતજ ઓળખી શકયો નહતો. તેમનો વિશ્વાસ સંપાદક કરવાનું કાર્ય ઘણુંજ મુશ્કેલ હતું. અફઘાન સરદારો બાબરને જુદા ધર્મનો પરદેશી મુસલમાન માનતા તેથી તેમના તરફથી દેશમાં અશાંતિ હતી. રજપૂત રાજાઓ અને અફઘાન સરદારો બાબરના કટ્ટા દુશ્મન હતા.

મેવાડનો રાણો સંગ શૂરવીર યોદ્ધો અને ચતુર રાજદ્વારી પુરૂષ હતો. ઇબ્રાહીમ લોદીને દિલ્હીની ગાદી પરથી હાંકી કાઢવા તે ઘણો ઈંતેજાતર હતો. રાણો સંગ એમ ધારતો કે બાબર લૂટફાટ કરી સ્વદેશ પાછો જશે પણ તે ગયો નહિ તેથી રાણાસંગની ધારણા નિષ્ફળ જતાં બાબરને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢવા તેણે નિશ્ચય કર્યો. સઘળા રજપૂત રાજાઓને બાબરની સામા થવા રાણા સંગે આમંત્રણ આપ્યું. આ કાર્યમાં અફઘાન સરદારો પણ જોડાયા. ઈ. સ. ૧૫૨૭માં સિક્રીના મેદાનમાં બન્ને પક્ષ વચ્ચે મહાન યુદ્ધ થયું હતું. આ મહાન યુદ્ધમાં બાબરની જીત થઈ અને રજપૂત બળનો અંત આવ્યો.

પોતાની સત્તા ગુમાવી બેઠેલા મુસલમાન સરદારો, સુબાઓ અને રાજ્ય કુટુંબના વંશજો પણ બાબરના કટ્ટા દુશ્મન હતા. બાબર હોશિયાર અને ચાલાક રાજદ્વારી પુરૂષ હતો એટલે કેટલાક સરદારોને મનાવી લઈ તેણે પોતાના રાજ્યમાં મોટા ઓદ્ધાઓ આપ્યા. જે સરદારોએ બંડ કર્યાં તેમને લશ્કરી બળ વડે દાબી દઇ શાંત કર્યા.

કેટલાક મોગલ દરબારીઓએ બાબરના બનેવીને દિલ્હીની ગાદી પર બેસાડવા કાવત્રું રચ્યું. આ કાવત્રું પણ દબાઈ ગયું.

બાબરના સૈનિકોને હિંદુસ્તાનની ગરમ હવા માફક ન આવવાથી અને પારકા દેશમાં તેમને લાંબો વખત રહેવાની મરજી ન હોવાથી જે સૈનિકોને સ્વદેશ પાછા જવું હતું તેમને રજા આપવામાં આવી. બાબરની આ નીતિથી લશ્કરમાં સંતોષ થયો.

Q. 23 Give a short sketch of Babar's character.

બાબર મોગલ કુળનો હતો અને તેનામાં તીમૂર અને ચંગીઝખાનનું લોહી વહેતું હતું. બાબર નાનપણથીજ લડાયક વૃત્તિનો હતો અને હિંદ જીતવાને તેનું મન તલપી રહ્યું હતું. તેના નામ પ્રમાણે તેનામાં ગુણ હતા. બાબર એટલે સિંહ બાબર સિંહના જેવો શૂરવીર હતો. બાબરના પિતા બાબરની માત્ર અગિયાર વર્ષની ઉંમરે ગુજરી ગયા હતા તે છતાં પોતાના બળે અનેક શત્રુઓને તેણે દૂર કર્યા હતા. નાનપણથીજ પોતાને માથે આવી પડેલી જોખમદારીને પરિણામે તેનામાં અનેક સારા ગુણો કેળવાયા હતા. લડાયક શસ્ત્રોનો ઉપયોગ કરવામાં તે ઘણો નિપુણ હતો તેથી મોટો થતાં તે એક મહાન સરદાર બન્યો. બાબરની શારીરિક શક્તિ અજબ હતી. તે માઇલો સુધી ઘોડા પર મુસાફરી કરી શકતો. તે ઉપરાંત તેનો સ્વભાવ સાહસિક હોવાથી પોતાની અભિલાષા અને મહત્વકાંક્ષા પાર પાડવામાં સહેજ પણ પાછી પાન કરતો નહિ અને પોતાના દ્રઢ નિશ્ચયને વળગી

રહેતો. હિંદ જીતવાને તેણે ૭ વખત આક્રમણો કર્યાં હતાં. અને છેલ્લી વખત તે વિજેતા થયો હતો. વળી બાબર ઉદારવૃત્તિનો, આત્મસંયમવાળો મહાન નેતા હતો. રાજ્ય પ્રાપ્તી પછી સારી રાજ્ય વ્યવસ્થા કરવાનું એને સારૂં જ્ઞાન હતું. ટુંકમાં બાબરનું જીવન બાલ્યાવસ્થાથીજ વિટંબણા અને સંકટોથી ભરપૂર હતું તેના શૌર્ય અને સાહસથી તે એક મહાન સેનાપતિ તરીકે વિજેતા ગણાયો.

Q. 24 What do you know about the second battle of Panipat and what was its result.

જુઓ જવાબ ૨૧ મો.

Q. 25 What circumstances helped Babar to establish an Empir in India ? From whom came the greast opposition ? How did he over come it?

જવાબ માટે જુઓ જવાબ ૧૯, ૨૧, ૨૨.

Q. 26 What were the achievements of Babar. How do you account for his successful Indian career.

જવાબ માટે જુઓ જવાબ ૨૧, ૨૨.

Q. 27 "With the establishment of the Moghul Empire in India begins a new age." Explain the statement.

બાબરે મોગલ રાજ્ય સ્થાપ્યું ત્યારથી હિંદુસ્તાનમાં નવો જમાનો શરૂ થયો એમ નીચેની બાબતો ઉપરથી કહી શકાયઃ—તુર્ક તથા અફઘાન રાજ્યકર્તાઓ કરતાં મોગલોની રાજ્ય વ્યવસ્થા વ્યવસ્થિત હતી. સારી રાજ્ય વ્યવસ્થાને પરિણામે હિંદુ અને મુસલમાનો વચ્ચે સહકાર અને સંતોષ વધવાં લાગ્યાં. યુરોપિયન વેપારીના આગમનથી

પૂર્વ અને પશ્ચિમ વચ્ચે વેપારનો સંબંધ વધ્યો. તે ઉપરાંત હિંદુસ્તાન અને મધ્ય એશિયા વચ્ચે વ્યવસ્થિત વેપારની શરૂઆત થઈ. પાશ્ચાત પ્રજાની સંસ્કૃતિની છાપ હિંદીઓ ઉપર પડી અને નૈતિક, સામાજિક અને આર્થિક સ્થિતિમાં સારો સુધારો થયો. મોગલ રાજ્યની સ્થાપનાને લીધે પરદેશી આક્રમણ ઓછાં થયાં અને દેશમાં લૂંટફાટ, કતલ તથા અત્યાચાર બંધ થયાં તેથી લોકો શાંતિમય જીવન ગાળવા લાગ્યાં. કળા, કૌશલ્ય અને વિદ્યામાં લોકો રસ લેતા થયા. દેશની સમૃદ્ધિ વધતી ગઈ અને રાજ્યનો પૈસો દેશમાંજ રહેવા લાગ્યો. મોગલ પાદશાહોની જાહોજલાલી અને સમૃદ્ધિના અવશેષ હજુ પણ હિંદુસ્તાનમાં નજરે પડે છે.

Q. 28. Estimate the character of Humayun. Point out the difficulties he had to face. How did he over come them ?

હુમાયુ પોતાના બાપ જેવો લડાયક શક્તિવાળો અને મહત્વકાંક્ષી ન હતો. તે શૂરવીર હોવા છતાં લહેરી હતો તે પોતાના બાપ જેવો દીર્ઘદ્રષ્ટિવાળો નહતો. તેણે પોતે ગાદીએ બેઠા પછી રાજ્યના ભાગ પાડી પોતાના ભાઇઓને વહેંચી આપ્યા હુમાયુ હદઉપરાંત ઉદાર હતો. સતત કાર્ય ન કરી શકવાની તેનામાં ખામી હતી. બાબરે સ્થાપેલા રાજ્યને મજબુત બનાવવા તેનામાં શક્તિ, મહત્વકાંક્ષા, યુક્તિ, દૂરઅંદેશોની ખામી હતી.

ઈ. સ. ૧૫૩૦ માં જ્યારે તે ગાદીએ બેઠો ત્યારે મોગલ રાજ્ય જોઇએ તેવી સારી સ્થિતિમાં નહતું. માળવા અને ગુજરાતના સુલતાનની સત્તા વધતી જતી જતી. રાજ્યસત્તા ખોઇ બેઠેલા અફઘાન સરદારો શાંત પડયા ન હતા અને મોગલ સત્તાને ઉથલાવી નાંખવા પ્રયત્નો કરતા હતા. રજપૂત સરદારો પણ બંડખોર બન્યા હતા.

મોગલ રાજ્યના દરબારીઓ રાજ્યની સત્તા ઉથલાવી નાંખવા કાવત્રું રચતા હતા.

હુમાયુની નબળી સ્થિતિનો લાભ લઈ ઈ. સ. ૧૫૩૧માં લોદી વંશના એક અફઘાન સરદાર મહંમદે જુઆનપુરનો કબજો લીધો અને બીજા કેટલાક અફઘાન સરદારોએ બંડ કર્યાં. શેરખાન નામના બળવાન જમીનદારે ચુનારગઢના કિલ્લા ઉપર આક્રમણ કર્યું. અફ-ઘાન બંડખોરની સામે હુમાયુ તરતજ લશ્કર લઈને ગયો અને મહંમદ લોદીને હરાવ્યો. ત્યાર પછી હુમાયુએ ચુનારગઢને ઘેરો ઘાલ્યો અને શેરખાનને હરાવ્યો. શેરખાન તરતજ હુમાયુને શરણે થયો. આ વખતે હુમાયુ એકદમ ઉદાર થઈ ગયો અને શેરખાનને ચુનારગઢનો કિલ્લો પાછો સોંપી દીધો. આમ કરવાથી શેરખાનની સત્તા ઓછી થઈ નહિ પણ વધી.

ગુજરાતમાં આ સમયે બહાદુરશાહ નામનો સુલતાન રાજ્ય કરતો હતો તેના તાબામાં ગુજરાત ઉપરાંત માળવા ખાનદેશ, વરાડ અને અહમદનગર પણ હતાં. બહાદુરશાહ હુમાયુની સત્તાની અવગણના કરતો. હુમાયુના સાળાએ બહાદુરશાહ સાથે મળી જઈ હુમાયુ સામે કાવત્રું રચ્યું. આ કારણથી હુમાયુ અને બહાદુરશાહ વચ્ચે વેર થયું. હુમાયુએ બહાદુરશાહ ઉપર ચઢાઇ કરી. બહાદુરશાહ શરણે થયો અને માળવા તરફ નાસી ગયો. આ પ્રમાણે ગુજરાત પણ હુમાયુની સત્તા નીચે ગયું. હુમાયુની રાજય વ્યવસ્થાની નબળાઇને લીધે બહા-દુરશાહે પાછું લશ્કર ભેગું કર્યું અને ગુજરાતની ગાદી પાછી મેળવી.

જયારે હુમાયુ ગુજરાતમાં રોકાયો હતો ત્યારે શેરખાને બિહાર અને બંગાળા જીતી લીધાં. હુમાયુ પોતાની મોજશોખમાં પડી જ શેરખાનની વધતી જતી સત્તા તરફ બેદરકાર રહ્યો. આનું પરિણામ ઘણુંજ ખરાબ આવ્યું. ઈ. સ. ૧૫૩૮ હુમાયુએ શેરખાન પર ચઢાઇ

કરી. શેરખાન ઘણોજ બળવાન અને ચાલાક શત્રુ હતો તે એકદમ હુમાયુના હાથમાં આવે તેમ ન હતો. તે નાસી ગયો અને હુમાયુને હરાવવા તેણે પુરતી તૈયારી કરી. શેરખાને હુમાયુને ૧૫૪૦માં સજ્જડ હાર આપી. ત્યાર પછી હુમાયુની મુશ્કેલી વધી પડી. તેના ભાઇઓએ પણ તેને મદદ કરી નહિ તેથી હુમાયુને હિંદુસ્તાન છોડી નાસી જવું પડયું. અને શેરશાહ, દિલ્હીનો શેનશાહ થયો. હુમાયુ ઇરાન પહોચ્યો અને ત્યાંના શાહની મદદથી પાછો દિલ્હીની ગાદી મેળવી શકયો.

Q. 29. Show that Humaun's own character was responsible for his misfortune. How did he regain his lost throne?

પહેલા ભાગ માટે જુઓ જવાબ ૨૮.

શેરશાહે હુમાયુને કનોજ અને બકસાર આગળ હરાવ્યો અને તેના ભાઇઓએ તેને મદદ પણ ન કરી એટલે તે રાજ્ય સત્તા વગરનો ભટકતો થઇ ગયો. લાહોરથી તે સિંધ ગયો. સિંધમાં પણ મદદ ન મળવાથી તે ઇરાન ગયો. ઇરાનના શાહે તેને સારી મદદ કરી. ત્યાંથી તે લશ્કર લઇ અફગાનિસ્તાન ગયો. ત્યાં તેના ભાઇ કામરાનને હરાવી કાબુલ, કંદહાર જીત્યાં. આ વખતે શેરશાહ હિંદુસ્તાનમાં મરણ પામ્યો હતો અને રાજ્યમાં અવ્યવસ્થા અને કુસંપ હતાં તેનો હુમાયુએ લાભ લીધો. હિંદુસ્તાન પર તેણે ચઢાઇ કરી અને ૧૫૫૫માં સિકંદર લોદીને હરાવ્યો અને દિલ્હીનો રાજા થયો. ગાદી મેળવ્યા પછી ફક્ત ૭ મહીનામાં તે મરણ પામ્યો

Q. 30, Give a brief life sketch of Humaun and estimate him as a (1) soldier and (2) states man.

જુઓ જવાબ ૨૮ અને ૨૯.

Q. 31. Describe the career of Shershah as a general administrator.

શેરશાહે દિલ્હીની ગાદી મેળવી એજ બતાવી આપે છે કે તે એક મહાન યોદ્ધો હતો અને યુદ્ધ કળામાં નિપુણ હતો. તે ઉપરાંત રાજ્ય વ્યવસ્થા માટે પણ ઇતિહાસમાં તેનું નામ મશહૂર થયું છે. જુના રાજ્ય તંત્રને ફેરવવામાં અને તેને નવીન પદ્ધતિથી ચલાવવામાં શેર-શાહે ઘણી અક્કલ અને કાર્યદક્ષતા દાખવી હતી. તેણે નીચે પ્રમાણે સુધારા દાખલ કર્યા હતા:–

(૧) અગાઉના દિલ્હીના સુલતાનોએ રાજ્યના મુલ્કી વિભાગો અમીરોને સોંપી દીધા હતા. આ પ્રથા શેરશાહે બંધ કરી. તેણે સર્વ સત્તાનું કેન્દ્ર પોતાના હાથમાંજ રાખ્યું હતું.

(૨) રાજ્યના તેણે ભાગો પાડી ૪૭ પરગણા બનાવ્યા હતા, અને દરેક પરગણાનું મહેસુલ ઉઘરાવવા અમલદારો નીમ્યા હતા. સુલેહ શાંતિ માટે પોલીસ અમલદારોની વ્યવસ્થા કરી. ન્યાય અને કાયદા માટે મુનસફો નીમ્યા. આ રીતે અગાઉની રાજ્ય પદ્ધતિથી નીમાતા સુબાઓની સત્તા અને કાવાદાવા નાબુદ થયાહતા.

(૩) મહેસુલ ખાતું—જમીનની માપણી અને આંકણી નિષ્ણાતો પાસે તેણે નક્કી કરાવી હતી. જમીન, માલીક અને સરકાર વચ્ચેનાં હક્કો અને ભોગવટા બાબત કબુલતનામા કરાવ્યાં હતા. મહેસુલનો કર વાર્ષિક રાખવામાં આવ્યો હતો. અને દુકાળને સમયે માફી આપવામાં આવતી. આ રીતે ખેડુતોને તેણે અમલદારોના ત્રાસમાંથી ઉગાર્યા હતા.

(૪) કાયદો અને રાજ્ય વ્યવવસ્થા—કોઇ પણ જાતના ભેદભાવ રાખ્યા વગર પ્રજાને અદલ ઇન્સાફ આપવા તે ઇચ્છતો હતો. ન્યાય આપવા માટે પગારદાર મુનસીફો નીમવામાં આવ્યા હતા. દરેક પર-

ગણામાં ન્યાય મળે તેથી તેણે એકેક અદાલત કાઢી હતી. કેદીઓને રાખવા માટે તેણે જુદીજ વ્યવસ્થા કરી હતી. તે ઉપરાંત રાજ્યના રક્ષણ માટે રાખેલા લશ્કરને અંગે પણ તેણે અનેક સુધારા કર્યા હતા.

(૫) બીજા સુધારાઓ—પોલીસ ખાતું શેરશાહે પદ્ધતિસર કર્યું હતું. જાસુસી ખાતું પણ તેણે ચાલુ કર્યું. ચલણી ખાતા માટે વીસ ઉપરાંત તેણે ટંકશાળાઓ કાઢી હતી તેમાં તાંબાના, સોના, ચાંદીના વગેરે ચોક્કસ માપ, કદ અને વજનના સિક્કાઓ તે પડાવતો. રાજ્યની અંદર લેવાતી જકાતો તેણે બંધ કરી હતી. મુસાફરો અને વેપારીઓ માટે જાહેર, નિર્ભય રસ્તાઓ બાંધ્યા હતા. રસ્તાની બાજુએ ઝાડો રોપાવ્યાં હતાં. ઘણા લાંબા રસ્તાઓ ઉપર થોડે થોડે અંતરે વિશ્રામસ્થાનો કરાવ્યાં હતાં. તે ઉપરાંત મુસાફરખાનાં, ધર્મશાળા વગેરે બંધાવ્યા હતાં.

શેરશાહ એટલો નિપુણ રાજ્યકર્તા હતો કે પાંચ વર્ષના ટુંક સમયમાં તેણે સંગીન સુધારાઓ કર્યા અને તેને માટે ઇતિહાસમાં તેનું નામ સુવર્ણ અક્ષરે લખાયું

Q. 32. What are your reasons to estimate Shershah as a great man and a great ruler.

જુઓ જવાબ ૩૧.

Q. 33. Show how Shershah became the King of Delhi and give an account of his administrative reforms.

જવાબ માટે જુઓ જવાબ ૨૮ છેલ્લો પેરો અને જવાબ ૩૧.

Q. 34 Briefly describe the career of Shershah. Describe his reforms in general.

જવાબ માટે જુઓ જવાબ ૨૮ અને ૩૧.

Q. 35 State very briefly the causes of the down fall of the Sur Dynasty.

દિલ્હીની ગાદી પર સૂરવંશની સ્થાપના કરનાર શેરશાહ હતો. શેરશાહના મરણ સાથે સૂરવંશનો ઝગઝગતો દિપક બુઝાવવા લાગ્યો. શેરશાહને બે પુત્રો હતા. તેઓ ગાદીના હક માટે હરિફાઈ કરવા લાગ્યા. મોટો પુત્ર વિલાસી હતો તેથી કેટલાક અમીરોએ અને સરદારોએ બીજા પુત્ર જલાલખાન અથવા સલીમશાહને ગાદી પર બેસાડયો. થોડા વખત પછી મોટા પુત્ર આદિલખાનને ગાદી પર બેસાડવા બંડ થવા લાગ્યાં પણ તે જલાલખાને દાબી દીધાં.

સલીમશાહના મરણ પછી તેના પુત્ર ફીરોઝ અથવા આદિલશાહને ગાદીએ બેસાડવામાં આવ્યો. તે તદ્દન વિષયી અને નાલાયક હતો. તેના વખતમાં સરદારોએ બંડ કર્યો અને સ્વતંત્ર થવાની કોશીષ કરી. આદિલશાહના એક બનેવીએ પંજાબ કબજે કર્યું, બીજાએ બંગાળા પચાવ્યું અને તેના પ્રધાને હિંદુ રાજ્યની ફરી સ્થાપના કરી આવા સંજોગોમાં આદિલશાહ માત્ર નામનોજ રાજા હતો.

આદિલશાહ રાજા થયો ત્યારથી રાજ્ય કારભારમાં છેક અંધાધૂંધી ચાલી રહી હતી. અમીરો અને સરદારો સ્વતંત્ર થતા ગયા અને તેઓની વચ્ચે પણ કોઈ પણ પ્રકારનો સંપ ન રહેવાથી પરદેશીઓ હિંદ પર ચઢી આવવા તૈયારી કરી રહ્યા હતા. હુમાયુએ આ તકનો લાભ લીધો અને ઈ. સ. ૧૫૫૫માં પંજાબ જીતી લીધું અને દિલ્હીની ગાદી પર બેઠો. આ રીતે સૂરવંશ ઘણો અલ્પજીવી નીવડયો.

Q. 36 Sketch briefly the character of Akbar

જ્યારે અકબર ગાદીનશીન થયો ત્યારે રાજ્યની પરિસ્થિતિ

ઘણી વીકટ હતી. નાનપણથીજ અકબરને માથે મુશ્કેલીઓ પડી હતી. જ્યારે હુમાયુ મરણ પામ્યો ત્યારે અકબરની ઉમર માત્ર તેર વરસની હતી. નાનપણથીજ અકબર રાજ્ય વહીવટના કાર્યમાં ઉંડો રસ લેતો. અકબર શેરશાહ કરતાં પણ વધારે મહાન રાજ્યકર્તા તરીકે ઓળખાય છે કારણ કે તે પ્રતાપી અને પ્રભાવશાળી હતો. અકબરનું માનસ ઉદાર અને સુધારક દ્રષ્ટિકોણવાળું હતું. તે જ્ઞાની હતો તેથી શત્રુઓ, રાજકીય હરિફો, દરબારીઓ સમક્ષ યુક્તિ-પ્રયુક્તિથી પોતાનું વ્યક્તિત્વ બતાવી શકતો. તેણે પોતે પોતાની અક્કલ હોંશિયારીથી એક સમૃદ્ધિવાન સામ્રાજ્ય સ્થાપ્યું અને ઉન્નતિને શિખરે પહોંચાડયું. તે ઘણો મોટો મહત્વકાંક્ષી હતો અને પોતાની મહત્વકાંક્ષા પાર પાડી શક્યો. તે એક મહાન નેતા હતો અને તેનામાં સામા માણસની પરીક્ષા કરવાનું જ્ઞાન અજોડ હતું. રાજ્યના સંચાલક તરીકે, સેનાપતિ તરીકે, જાહેર પુરૂષ તરીકે અને સુધારક તરીકે તેની કારકીર્દી ખરેખર વખાણવા લાયક હતી તેણે કળાને ઉત્તેજન આપ્યું અને હિંદુ અને મોગલ સંસ્કૃતિને એકમેક કરવા પ્રયત્નો કરી હિંદમાં જુદી જુદી પ્રજાઓ વચ્ચે રાષ્ટ્રભાવના ઉત્પન્ન કરી. અકબરનો સ્વભાવ કોમળ કરતાં ક્રુર વધારે હતો. અકબર ખંતીલો, ઉદ્યોગી, શૂરવીર અને નીડર હતો. ઇતિહાસમાં તેનું નામ એક મહાન રાજદ્વારી પુરૂષ તરીકે જાણીતું થયું.

Q. 37 What do you know about the second battle of Panipat and its result.

હુમાયુ જ્યારે મરણ પામ્યો ત્યારે અકબર પંજાબમાં હતો. બહેરામખાને અકબરને રાજા તરીકે પંજાબમાં જાહેર કર્યો. જો કે શૂરવંશ નાશ પામ્યો હતો તે છતાં આદિલશાહના પ્રધાન હેમુએ કટોકટીની પરિસ્થિતિનો લાભ લઇ દિલ્હી પર ઘેરો ઘાલ્યો. હેમુએ દિલ્હીનો કબજો લીધો. ત્યાર પછી હેમુએ પંજાબ જવાની તૈયારી

કરી. અફઘાનોને પોતાના પક્ષમાં લેવા હેમુએ ઇસ્લામ ધર્મ સ્વીકારવા જાહેર કર્યું. હેમુ અને અકબરના લશ્કર વચ્ચે પાણીપતના મેદાનમાં (૧૫૫૬) મોટું યુદ્ધ થયું. બહેરામખાનની કડક નીતિને લીધે હિંમત હારી ગયેલું મોગલ લશ્કર હેમુની સામે થયું. હેમુ લડાઇમાં ઘાયલ થયો અને કેદ પકડાયો. આ યુદ્ધને પરિણામે અકબરની જીત થઈ એટલુંજ નહિ પણ તેની સત્તા અને રાજ્ય વધીને પગભર થયાં. જો મોગલો હારી જાત તો તેઓને હિંદુસ્તાન છોડી જવાની ફરજ પડતે અને હિંદુસ્તાનનો ત્યારપછીનો ઇતિહાસ કંઇક જુદુંજ રૂપ ધારણ કરતે.

Q. 38 What were Akbar's difficulties at the beginning of his reign ? How did he over come them ?

ગાદીએ બેઠા પછી તરતજ હેમુ જેવા બળવાન શત્રુની સામે અકબરને થવું પડ્યું. (જુઓ જવાબ ૩૭). તેની ઉંમર નાની હોવા [illegible]ી રાજ્યની લગામ બહેરામખાનના હાથમાં હતી. દિલ્હીમાં અફઘાન [illegible] [illegible] ફરી સ્થાપવાને અફઘાન સરદારો તૈયાર હતા. મધ્ય હિંદુસ્તાન અને રજપુતાનામાં હિંદુ રાજાઓ સ્વતંત્ર થઈ ગયા હતા. [illegible] [illegible] રીતે અકબરની સ્થિતિ તે વખતે કફોડી હતી. બહેરામખાનની [illegible] [illegible] સત્તા ઘણી વધી ગઇ હતી અને અકબર મોટો થતો ગયો [illegible]મ તેને બહેરામખાનની સત્તા દૂર કરવા પ્રયાસ કરવો પડ્યો. [illegible]નશીલતા અને સાવધાનપણું રાખી અકબરે યુક્તિપ્રયુક્તિથી પોતાના દુશ્મનોને મહાત કર્યા. શરૂઆતમાં તેણે અફઘાનોને હરાવ્યા અને સિકંદર સૂરને કેદ પકડ્યો. સઘળા અફઘાન ઉમરાવો[illegible]ને દાબી દીધા. માળવા પ્રાંતમાં થયેલું બંડ તથા બહેરામખાન[illegible] ઉશ્કેરણીથી થયેલું બંડ શમાવ્યાં. શત્રુઓને ત્રાસદાયક શિક્ષા અ[illegible] કબર કરતો નહિ પણ પ્રેમ અને ઉદારતાથી તેમને જીતી લેતો. બહેરામખાનને [illegible]

જવા અકબરે કહ્યું અને એ રીતે સત્તા પરથી તેને ખસેડયો. જોધપુર અને મેવાડના રાજ્યો જીતી લઇ તેમનો વિશ્વાસ સંપાદન કર્યો. આ રીતે અકબરે પોતાના રાજ્યમાં ઉભી થયેલી મુશ્કેલી ધૈર્ય, હિંમત, ઉદારતા અને સાવધાનપણાથી દૂર કરી પોતાની રાજ્ય સત્તા સ્થાપી.

Q. 39 What are your reasons for regarding Akbar as the greatest of the Mogul Emperors?

અકબરે રાજ્ય સ્થાપ્યા પછી તેની વ્યવસ્થા કરવામાં ખરે-ખરૂં મુત્સદ્દીપણું વાપર્યું હતું. મુલ્કી અને લશ્કરી કારભારમાં તેણે ઘણા સુધારા કર્યા

મુલ્કી વ્યવસ્થા—શેરશાહે દાખલ કરેલા મુલકી સુધા-રામાં તેણે ઉમેરો કર્યો. રાજા ટોડરમલ જેવા નિષ્ણાતની સલાહથી જમીનની આંકણી કરાવી વર્ગો પાડયા અને મહેસુલ નક્કી કર્યું. જમીન વેરા સિવાય બીજો કોઇ પણ વેરો અકબરે રાખ્યો નહિ. મહેસુલ ભેગી કરવાને તેણે જુદા જુદા ઓદ્દાના અધિકારીઓ નીમ્યા. જોરજુલમ કરનાર અધિકારીઓને તે શિક્ષા કરતો. દુકાળ વખતે ખેડુતોને રાહત મળે તેવો તેણે પ્રબંધ કર્યો હતો. તેણે પોતાના રાજ્યના ૧૮ ભાગ પાડી નાંખ્યા હતા. અને દરેક પ્રાંત પર એકેક સુબો નીમ્યો હતો. સઘળા રાજ્યતંત્રનું કેન્દ્રસ્થાન પાદશાહ પોતે હતો અને કોઇ પણ સુબો સ્વતંત્ર રીતે વર્તી શકતો નહિ. સુબાઓ ઉપર દેખરેખ રાખવા પ્રધાન મુલાકાત આપતો અને દરેક સુબાના હાથ નીચે કોટવાલ, કાજી વગેરે અમલદારો કામ કરતા. આ રીતે તેણે મુલકી રાજ્યની વ્યવસ્થા સુધારી, ઘણી સારી પદ્ધતિ પર મૂકી હતી.

બીજા સુધારાઓ—ચલણી ખાતામાં સુધારા કર્યા. જાસુસ ખાતું રાખ્યું રાજ્યમાં લેવાતી જકાત કાઢી નાંખી. જજીઆ વેરો માફ કર્યો. ધોરી રસ્તાઓ બંધાવ્યા. રાજ્યના રક્ષણ માટે કિલ્લાઓ બંધા-

બ્યા. વિધવાના પુનર્લગ્ન માટે છૂટ આપી. ગુલામ વેચવાની પ્રથા બંધ કરી. બાળલગ્નની પ્રથા બંધ કરી.

લશ્કરી વ્યવસ્થા—આખા લશ્કરના ભાગો પાડી, લશ્કરખાતામાં ઓદ્દેદારો નીમ્યા અને તે ઓદ્દેદારોના હાથ નીચે અમુક લશ્કર સોંપ્યું. અમીર, મનસબદાર, આસામદાર વગેરે લશ્કર ખાતામાં ઓદ્દાઓ રાખ્યા હતા. સૈનિકોને તેમનું વતન ઓદ્દેદારો પાસેથી મળતું. વતન રોકડ નાણાંનું હતું.

ન્યાય પદ્ધતિ—તે ઉપરાંત ન્યાય પદ્ધતિમાં પણ સુધારો કર્યો હતો. એક મુખ્ય ન્યાયાધીશ નીમી તેના હાથ નીચે કાજીઓ નીમ્યા. ગુનેગાર મુસલમાન હોય તો કુરાનને અનુસરીને અને હિંદુ હોય તો મનુસ્મૃતિ પ્રમાણે ફેસલો આપવો એવું અકબરે નક્કી કર્યું હતું.

ધર્મ નીતિ—અકબર ધર્માંધ અને ઝનૂની લાગણીઓથી વિમુક્ત હતો. તેની રાજ્યનીતિ જેવી ઉદાર હતી તેવીજ ઉદાર તેની ધર્મનીતિ હતી. બધા ધર્મોને તે સરખા માનથી જોતો. ઉદાર નીતિને પરિણામે અકબર હિંદની સમસ્ત પ્રજાનો સમ્રાટ બન્યો અને મોગલ રાજ્યનો પાયો મજબૂત બનાવ્યો.

મોગલ પાદશાહ અકબર, મુસલમાન યુગમાં ખરેખર અદ્વિતીય સ્થાન ભોગવે છે. અકબરની રાજ્યનીતિ અને રાજ્યકારભાર તેને મુત્સદ્દી અને વિચક્ષણ રાજ્યકર્તા તરીકે સાબીત કરે છે. અકબરે સ્થાપેલું રાજતંત્ર ઘણુંજ વ્યવસ્થીત હતું અને તેથી તે પ્રશંસાને પાત્ર હતું. આગલા રાજ્યકર્તાની પ્રણાલિકા પ્રમાણે તે ચાલ્યો નહિ. આખા રાજ તંત્રનું કેંદ્રસ્થાન પાદશાહ પોતે હતો. આ બધા કારણોને લીધે અકબર એક મહાન મોગલ સમ્રાટ તરીકે ઇતિહાસમાં જાણીતો થયો હતો.

Q. 40 State the religious policy of Akbar and review his attitude toward Rajputs ?

ધર્મનીતિ જવાબ માટે જુઓ જવાબ ૩૯.

અકબરે જોયું કે પોતાનું રાજ્ય ટકાવી રાખવા રજપૂતો પ્રત્યે સારૂં વર્તન રાખવાની જરૂર છે. રજપૂતો બળજબરીથી મિત્રો બનશે નહિ એમ લાગવાથી તેમના તરફ ભલમનસાઇથી તે વર્તતો હતો. રજપૂતોની મદદથી મુસલમાન અને અફઘાન સરદારો કાબુમાં રહેશે એમ તેને ખાત્રી થઇ તેથી રજપૂત રાજ્યોને તેણે ખાલસા ન કર્યા પણ રાજાઓને પોતાના હાથ નીચે રાખી રાજ્ય કરવા દીધું. તેમની સાથે બેટી વ્યવહાર શરૂ કર્યો. રજપૂતોને લશ્કરી અને બીજા ખાતાઓમાં સારા હોદ્દાઓ આપ્યા. માનસિંહ, ટોડરમલ જેવા મહાન રજપૂત સરદારોને તેણે પોતાના પક્ષમાં રાખ્યા. આ રીતે તેણે પોતાના રાજ્યનો પાયો મજબુત બનાવ્યો. જુઓ જવાબ ૪૨ ભાગ બીજો

Q. 41 What was the policy of Akbar to consolidate the Mogal Empire.

જુઓ જવાબ ૩૯ અને ૪૦.

Q. 42 Give a brief account of Akbar's conquest and extent of his Empire in 1605 ?

અકબરની જીતો–(૧) ૧૫૫૬ થી ૬૦ (૨) ૧૫૬૦ થી ૧૬૦૨.

(૧) અકબર નાનો હતો અને બેહરામખાન વાલી હતો ત્યારે પંજાબ, મુલતાન, ગંગા જમના વચ્ચેનો પ્રદેશ ગ્વાલીઅર વગેરે બહેરામખાને જીતી લઈ અકબરને સહીસલામ બનાવ્યો હતો. જુઓ જવાબ ૩૭ અને ૩૮.

(૨) ૧૫૬૧માં અકબરે પહેલી ચઢાઇ રજપૂતાના પર કરી. જયપુરના રાજાને પોતાની સત્તા નીચે આણ્યો. અકબરે તેના પુત્રને લશ્કરમાં મોટી પદવી આપી જોધપુરના રાજાને પણ હરાવ્યો અને તેની પુત્રી સાથે લગ્ન કર્યું. મેવાડનો રાજા ઉદેસિંહ સ્વતંત્ર સ્વભાવનો અને તે કબજામાં આવે તેવો ન હતો. ૧૫૬૭ માં અકબરે

ચિતોડ ગઢ પર ચઢાઈ કરી. ચિતોડને ઘણા માસ સુધી ઘેરો ઘાલ્યો. આખરે ચિતોડ પડ્યું અને અકબરે સઘળું મેવાડ કબજે કર્યું. ઉદેસિંહના મરણ પછી રાણા પ્રતાપસિંહ મોગલોની સામા થઇ ૨૦ વર્ષ સુધી લડ્યો. હલદીઘાટના યુદ્ધમાં પ્રતાપસિંહ હાર્યો.

ગુજરાતની જીત—અકબરે બીજી ગુજરાત પર ચઢાઇ કરી. ગુજરાતનો બાદશાહ મુજફ્ફરશાહ તાબે થઈ ગયો અને વગર મહેનતે ગુજરાત કબજે થયું.

બંગાળાની જીત—બંગાળાનો સરદાર દાઉદખાન ઉદ્ધત હતો અને ઈ. સ. ૧૫૭૬ માં તેને અકબરે હરાવ્યો. બંગાળા અને ઓરિસ્સા અકબરે જોડી દીધાં.

દક્ષિણની જીત—ઉત્તર હિંદુસ્તાનની જીત પુરી કર્યા પછી અકબરે પોતાની નજર દક્ષિણ તરફ ફેરવી. દક્ષિણમાં ખાનદેશ, અહમદનગર, ગોવળકોંડા અને બીજાપુરનાં ચાર મુસલમાની રાજ્યો હતાં. પોતાની સત્તા કબુલ કરાવવા અકબરે દરેક રાજ્યમાં એલચીઓ મોકલ્યા પણ ખાનદેશ સિવાય કોઇએ એની સત્તા કબુલ રાખી નહિ. અકબરે શાહજાદા મુરાદને અહમદનગર પર મોકલ્યો. ચાંદબીબીએ અહમદનગરનું બહાદુરીથી રક્ષણ કર્યું. આખરે મોગલોના હાથમાં અહમદનગર ગયું. તે છતાં તેનો પુરેપુરો કબજો મળ્યો નહિ. બીજાપુર, ગોવળકોંડા અને અહમદનગરના સ્વતંત્ર મુલકો મોગલ સામરાજ્યની સત્તા નીચે આણવાની અકબરની અભિલાષા નિષ્ફળ નીવડી.

આ રીતે, ૧૬૦૫માં અકબર મરણ પામ્યો ત્યારે અફગાનિસ્તાન અને બલુચિસ્તાન ઉપરાંત ઉત્તરમાં કાશ્મીરથી દક્ષિણમાં ગોદાવરી નદી સુધીનો બધો ભાગ અકબરની રાજ્ય સત્તા હેઠળ હતો.

Q. 43. Describe the character of Jahangir. What part did Nur-Jahan play in his administration ?

અકબરના મરણ પછી સલીમ 'જહાંગીર' નામ ધારણ કરી ગાદી પર બેઠો. અકબરે સલીમને સારી કેળવણી આપી હતી. રાજકુંવર તરીકે તેનું જે જાતનું જીવન હતું તેનાં કરતાં પાદશાહ તરીકે તેનું જીવન તદ્દન બદલાઈ ગયું. તેને દારૂનું મોટું વ્યસન હતું અને તેની રહેણીકરણી એક રાજાને લાયક ન હતી. સલીમે પોતાના બાપની સામે બંડ ઉઠાવ્યું હતું તેજ બતાવે છે કે તે ઘણો ઉદ્ધત અને અવિચારી હતો. જહાંગીર ગાદીએ બેઠો ત્યાર પછી શરૂઆતમાં રાજા તરીકે તેનું વર્તન ઘણું ડહાપણ ભરેલું હતું. તેણે પોતાના પિતાના વખતના મહાન ઓદ્ધેદારો કાયમ રાખ્યા. કેટલાક કરો માફ કર્યા. જાગીરદારોને ખાનગી મીલ્કતો રાખવાની મનાઈ કરી. તમાકુ ઉત્પન્ન કરવાની તેમજ વેચવાની મનાઇ કરી. જહાંગીર ગાદી પર આવવાથી રાજ્યમાં અંધાધુંધી ચાલશે એમ ઘણા માનતા હતા પણ તે ધારણા ખોટી પડી. જહાંગીર ઉદાર અને મોટા મનનો હતો તે છતાં તેનું મન અસ્થિર હતું. તે એશઆરામને ચાહતો હતો. દારૂમાં તેણે પોતાનું જીવન વેડફી નાંખ્યું તે છતાં રાજ્યકર્તા તરીકે સમજુ રીતે તે વર્તતો હતો.

નૂરજહાનનું બુદ્ધિચાતુર્ય અને પ્રભાવ એટલા બધા હતા કે શહાજહાન તેને વશ થઈ ગયો હતો. નૂરજહાન રાજ્ય કારભારમાં નિપુણ હતી, તેણે રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. અકબરે અખત્યાર કરેલી સઘળી રાજનીતિ નૂરજહાંને કાયમ રાખી. ઈ. સ. ૧૬૧૧માં જહાંગીરે આખું રાજતંત્ર નૂરજહાંનને સોંપી દીધું. નૂરજહાને પોતે તેની માને, તેના ભાઇને તથા શાહજાદા ખુરમને રાજ્ય કારભાર વહેંચી આપ્યો. આ પાંચે જણ એકબીજાના વિશ્વાસ પર રાજ્યવહીવટ ચલાવતા હતા. નૂરજહાનનો બાપ ઘણો હોશિયાર અને ચતુર

હતો. તેનો ભાઈ મહેસુલ કામમાં હોશિયાર હતો. ખુરમ સેનાપતિ તરીકે ચતુર હતો. નૂરજહાને લગભગ બાર વર્ષ સુધી ઘણી સારી રીતે રાજ્યકારભાર ચલાવ્યો. તેના વખતમાં શાંતિ હતી અને પ્રજા આબાદ હતી. નૂરજહાનના કારભારથી મોગલ રાજ્યનો પાયો મજબૂત થયો.

Q. 44. Trace the career of Shah Jehan before he came to the throne.

અકબરના સમયમાં અહમદનગરનું રાજ્ય જીતાયું ન હતું તે જીતવાને જહાંગીરના સમયમાં પ્રયાસ શરૂ કરવામાં આવ્યો. ઈ. સ. ૧૬૧૭ શાહજાદો ખુરમ પોતે દક્ષિણમાં ગયો. અહમદનગરના પ્રધાન મલિક અંબર સાથે ખુરમે સંધિ કરી. ખુરમ દક્ષિણમાં રહ્યો અને બીજાપુર અને ગોવળકોંડાના રાજ્યો પણ મિત્રાચારીથી મોગલ રાજ્યો સાથે જોડી દીધાં.

દક્ષિણની ફત્તેહથી ખુરમને "શાહજહાન"નો ઈલ્કાબ આપવામાં આવ્યો. ખુરમની કિર્તી વધી અને તેથી નૂરજહાનને ઈર્ષા થવા લાગી. ખુરમ નિપુણ અને કાર્યદક્ષ હતો અને તેજ ગાદી પર આવશે એમ બધાને થતું. નૂરજહાનને પોતાના કહ્યા સર ચાલતા શાહજાદા શહેરિયાર સાથે પોતાની કુંવરીનું લગ્ન કર્યું કે જેથી તેને ગાદી વારસ તરીકે ઠેરવી શકાય. તેજ વખતે નૂરજહાનના ભાઈ અસફખાને પોતાની પુત્રી જહાંગીર સાથે પરણાવી. આ રીતે ભાઇ અને બહેન બન્ને પોતાના જમાઇનો પક્ષ મજબુત કરવા લાગ્યાં. ઇ. સ. ૧૬૨૨માં ઈરાનના શાહે હિંદુસ્તાન પર ચઢાઈ કરી તે વખતે નૂરજહાને શાહજાદા ખુરમને તેની સામા જવા હુકમ કર્યો. આ હુકમનો ખુરમે અનાદર કર્યો. નૂરજહાંનનું સઘળું તરકટ તે સમજી ગયો અને તેથી તેણે બંડ કર્યું. નૂરજહાને તેનું બંડ દાબી દીધું. શાહજહાન હારી ગયો અને તેણે નૂરજહાન સાથે સલાહ કરી.

શાહજહાને ધારે ધારે મહોબતખાનને પોતાના પક્ષમાં લીધો. મહોબતખાન બહોશ સરદાર હતો અને તેની સત્તાની ઈર્ષા પણ નુરજહાન કરવા લાગી. મહોબતખાને પણ બંડ ઉઠાવ્યું. શાહજહાન અને મહોબતખાન મિત્રો બન્યા. ઈ. સ. ૧૬૨૭ જહાંગીર મરણ પામ્યો. અને શાહજહાન ગાદીએ આવ્યો. ખુશરૂને શાહજહાને ઈ સ. ૧૬૨૧ મારી નંખાવ્યો હતો. પરવીઝ, જહાંગીરના મરણ અગાઉજ મરણ પામ્યો હતો અને આસફખાને શહેરિયારની આંખો ફોડાવી નાંખી હતી.

Q. 45. Why is Shah Jehan's reign considered to be the golden age of Mogul rule?

શાહજહાનના ત્રીસ વર્ષના રાજ્ય અમલ દરમ્યાન રાજ્યમાં ઘણો વધારો થયો હતો. માત્ર કંદહાર મોગલોના હાથમાંથી ગયું હતું. અહમદનગર મોગલ રાજ્યમાં જોડાયું. કુચબિહાર, ટિબેટ અને કમાઉનના કિલ્લાઓ જીતી લેવામાં આવ્યા હતા. આ રીતે મુગલ રાજ્યનો વિસ્તાર અત્યાર સુધીમાં સૌથી વધારે હતો.

તે ઉપરાંત શાહજહાનના સમયમાં મોટે ભાગે શાંતિ અને સુખમાં લોકો હતાં. અકબરે શરૂ કરેલી સઘળી રાજ્ય નીતિનું ફળ શહાજહાનના વખતમાં પુરેપુરૂં મળ્યું હોય એમ સ્પષ્ટ દેખાતું હતું. રાજ્યની તિજોરીમાં અઢળક દ્રવ્ય હતું. વૈભવની પરાકાષ્ટા હતી. શહાજહાને માત્ર કંદહાર જીતવામાં ૧૨ કરોડ રૂપીઆ ખર્ચ્યા હતા. તેના સમયમાં (૧) ખેતી વાડી વધી, હુન્નર ઉદ્યોગ વધ્યો હતો. (૨) નહેર અને બીજા પ્રકારના ખેતીને ઉત્તેજન મળવાથી રાજ્યની આવક, દોઢ ગણી વધી હતી. (૩) ધોરી રસ્તાઓ ચોરી અને લૂટફાટથી મૂક્ત હતા. (૪) તાજમહાલ, લાલમહેલ, જુમ્મા મસજીદ, મોતી મસજીદ, દિવાનેઆમ, દિવાનેખાસ, ભવ્ય મયૂરાસન કળા અને કારીગરીની અજોડ કૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. (૫)

લોકો સુખી, આબાદ અને શાંતિમય ગુજરાન ગાળતા હતા. પરદેશીઓએ શાહજહાનને રાજ્યકર્તા તરીકે અને તેના ધનભંડાર અને કળાના શોખને માટે પુષ્કળ વખાણ કર્યાં છે. જ્યારે શાહજહાન મરણ પામ્યો ત્યારે તેની તિજોરીમાં કરોડો રૂપીઆ રોકડ નાણું હતું. આ બધી હકીકત પરથી સાબીત થાય છે કે શાહજહાનનો સમય સુવર્ણયુગ તરીકે ઓળખાતો હતો.

Q. 46. Show that the condition of Mogul Empire was very prosperous in ShahJehan's reign. How do you account for the prosperiry.

જુઓ જવાબ ૪૫.

Q. 46. Give reasons to show that the Mogul rule reached its zenith under Shah Jehan.

જુઓ જવાબ ૪૫.

Q. 47. Sketch the career of Shah Jehan before he came to the throne. Mention his chief achievements as a ruler.

પહેલા ભાગ માટે જુઓ જવાબ ૪૪નો પહેલો પેરો.

અહમદનગર જીત્યું. ગોવળકાંડનો સુલતાન ખંડિયા બન્યો. અહમદનગર ખાલસા કર્યું. મીરજુમલા જે ગોવળકોંડાનો સરદાર હતો તેણે મોગલ સત્તાનું સર્વોપરિપણું સ્વીકાર્યું. બીજાપુરના સુલતાન સાથે સંધિ થઇ અને દોઢ કરોડ રૂપીઆનો દંડ સુલતાન પાસે લેવામાં આવ્યો. પોર્ટુગીઝો ચાંચીઆનો ધંધો કરતા હતા અને તેથી વેપારને નુકસાન થતું હતું. તેથી તેમને અટકાવીને નુકશાન થતું અટકાવ્યું. શાહજહાનના સમય દરમ્યાન મોગલ સલ્તનતની સત્તા હેઠળ અત્યાર સુધીમાં હિંદુસ્તાનનો સૌથી મોટો ભાગ આવ્યો

હતો. તે ઉપરાંત તેની રાજ્યનીતિને લીધે લોકો સુખી અને આબાદ હતાં.

Q. 48. What do you know about the Fratricidal war ? And what was the result ?

જુઓ જવાબ ૪૯.

Q. 49. Why did Aurangzeb wade through the blood of his relations and what was the result.

ઈ. સ. ૧૫૫૭માં જ્યારે શાહજહાન ઘણોજ માંદો પડયો ત્યારે તેના વડા પુત્ર દારાની ગાદી વારસ તરીકે જાહેરાત કરવામાં આવી. શાહજહાન મરણ પામ્યો એમ ખોટી ખબર પડવાથી તેના બીજા ત્રણ છોકરાઓએ ગાદી મેળવવા પ્રયાસ કર્યો. શાહજહાન જીવતો હતો તે છતાં ભાઇઓ વચ્ચે ગાદી માટે લડાઇ શરૂ થઈ. ગાદીને માટે ખરો હકદાર કોણ તે મોગલ પાદશાહો નિર્ણય કરી શકયા નહિ એજ કારણથી પાદશાહના મરણ પછી તેના પુત્રોને માંહોમાંહે લઢવું પડતું. આથી ગાદીના હક માટે થતી ખૂનામરકી રાજ્યને પાયમાલ કરતી. પાદશાહના મરણ પછી શાહજાદાઓ સત્તાના લોભે ઈર્ષાળુ બનતા અને કુટુંબીજનોનું કાશળ કાઢતા. શાહજહાંનને ચાર પુત્રો હતા. દારા, શુજા, ઔરંગઝેબ, અને મુરાદ. દારા વિદ્વાન હતો તે છતાં યુદ્ધકળાનો કે રાજ્ય કારભારનો બીનઅનુભવી હતો. શુજા બહાદુર અને શૂરો હતો. મુરાદ વિલાસી હતો. ચારે ભાઇઓમાં ઔરંગઝેબ પાદશાહ થવા વધારે લાયકાત ધરાવતો હતો. મુરાદ ગુજરાતમાં હતો તેણે ઔરંગઝેબને પોતાના પક્ષમાં લીધો. શુજા બંગાળામાં હતો ત્યાંથી તે આગ્રા તરફ આવવા નીકળ્યો. દારાએ શુજા તેમજ ઔરંગઝેબ અને મુરાદને શિક્ષા કરવા નિશ્ચય કર્યો. દારાનું લશ્કર શુજાની સાથે લડવામાં રોકાયું એટલે

ઔરંગઝેબે ગાદી લેવા કપટ કરવા માંડયું. ઔરંગઝેબ એકદમ આગ્રા પહોંચ્યો અને શાહજહાનને કેદ કર્યો. ત્યાર પછી તે દિલ્હીની ગાદી પર બેઠો. વચનભંગ કરી ઔરંગઝેબે મુરાદને કેદ કર્યો. ત્યાં મુરાદને મારી નાંખવામાં આવ્યો. દારા બલુચિસ્તાન તરફ નાસી ગયો. ત્યાંથી તેને દિલ્હી લાવવામાં આવ્યો અને તેનું ઘણું અપમાન કરવામાં આવ્યું. દારાનું પણ કાશળ કાઢવામાં આવ્યું. આ રીતે બાપને કેદ કરી ભાઇઓનું કાશળ કાઢી, ઔરંગઝેબ ગાદીએ બેઠો.

Q. 50. What is your estimate of Auranzeb as a stateman ?

ઔરંગઝેબ ગાદીએ બેઠો ત્યારપછી તેણે પોતાનું રાજ્ય વિસ્તૃત કરવા અનેક પ્રયત્નો કર્યો અને તેમાં તે ઘણે અંશે ફાવ્યો. શરૂઆતમાં આસામ અને આરાકાન પ્રાંતો તેણે જીત્યાં.

રજપુતો સાથે યુદ્ધ–ઔરંગઝેબે હિંદુઓ ઉપરનો જજીઆવેરો ફરી ચાલુ કર્યો. આ કારણથી રજપુતો રોષે ભરાયા અને બધા રાજાઓ તેની સામે થયા. રજપુતો ઘણા બહાદુર અને ચાલાક હતા. ચાર વર્ષ સુધી ઔરંગઝેબને તેમની સાથે લડવું પડયું પણ તેને વિજય મળ્યો નહિ. ઔરંગઝેબનો પુત્ર અકબર મરાઠાઓને મળી ગયો તેથી રજપુત અને મરાઠાઓનું જોર વધી ગયું. અકબરની રાજ્યનીતિ કરતાં ઔરંગઝેબની રાજ્યનીતિ આ બાબતમાં ઉલટા પ્રકારની હતી તેથી રજપુતો મોગલોના દુશ્મન બન્યા.

દક્ષિણની જીત–બીજાપુર અને ગોવળકોંડાના રાજ્ય અણજીત્યા રહી ગયા હતા. તેમને જીતવાનો ભગીરથ મનોરથ ઔરંગઝેબે સેવ્યો. આ બન્ને મહાન સત્તાઓને વશ કરવામાં પૈસા, લશ્કર અને શક્તિનો ઘણો મોટો વ્યય થયો એટલું જ નહિ પણ મરાઠાઓની સત્તા વધતી ગઈ.

મરાઠા સાથે લડાઈ-દક્ષિણમાં મરાઠાઓ પુષ્કળ સત્તા જમાવી બેઠા હતા અને તેમને વશ કરવા માટે પણ પુષ્કળ પૈસા તેને ખરચવા પડ્યા અને ખજાનો ખાલી થઈ ગયો.

ઔરંગઝેબે લડાઈઓ લડવામાં અને રાજ્ય વધારવામાં પૈસા અને શકિતનો પુષ્કળ વ્યય કર્યો. તે ઉપરાંત રાજ્યવ્યવસ્થા પર પણ તે ધ્યાન આપી શક્યો નહિ. તેથી તેની રાજ્યનીતિ દુરંદેશી ન હતી.

Q. 51. Describe briefly the effects of Auranzeb's policy upon the future of the Mogul Empire.

ઔરંગઝેબ ધર્માંધ હતો. એની રાજનીતિને પરિણામે મુગલ સલતનત વિનાશને પંથે પડી. ઔરંગઝેબની નીતિ દુરઅંદેશીવાળી નહતી તેથી ભવિષ્યનો વિચાર તે કરી શક્યો નહિ. તેના અધીરા સ્વભાવને લીધે તેના મિત્રો અને અમલદારોનો વિશ્વાસ તેણે ગુમાવ્યો હતો. ઔરંગઝેબના રાજ્યલોભને પરિણામે તેની રાજ્ય હદ તે ઘણી વધારી શક્યો તે છતાં આટલા મોટા વિસ્તૃત રાજ્યના કારભાર પર તે પૂરતું ધ્યાન આપવા અસમર્થ હતો અને તેની વ્યસ્થા તથા નિયમિન માટે કોઈ પણ પ્રકારના સુધારા વધારા તે કરી શક્યો નહિ. રાજ્યકર્તા તરીકે તે ઘણો મુત્સદી હતો તે છતાં બધીજ બાબત પર તે જાતે ધ્યાન આપતો અને કોઇના પર પણ ભરોસો ન રાખતો તેથી તેની રાજનીતિ ખરેખર દુઃખદ હતી. જુદા જુદા ધર્મો અને સંસ્કૃતિવાળી પ્રજાના રાજ-કર્તાએ ધાર્મિક બાબતોમાં તટસ્થા જાળવવી જોઈએ એ અકબરનો સિદ્ધાંત ઔરંગઝેબ ભૂલી ગયો અને તેને પરિણામે રાજ્યનો પાયો નબળો પડી ગયો.

Q. 52. Describe briefly the character of Auranzeb.

ઔરંગઝેબનું ખાનગી જીવન ઘણું સાદું, નિયમિત અને ધર્મિષ્ઠ હતું. રાજ્ય સત્તાના લોભે તેણે પોતાના ભાઈનું કાશળ કાઢયું તેથી તે સ્વભાવે ઘણો ક્રુર અને ઘાતકી હતો. ગરીબ તેમજ તવંગર તરફ તે સદ્‌ભાવ રાખતો પણ સ્વધર્મી તરફ રહેમ નજર રાખતો. ધર્મ ચુસ્તપણાને લીધે તેની કેટલીક વિશાળ મનોવૃત્તિ સંકુચિત હતી. ઔરંગઝેબ કળા અને સંગીતનો વિરોધી હતો. સુન્ની પંથના મુસલમાનો સિવાય બીજા કોઈ પર પણ તે દયા બતાવતો નહિ. કુરાનના ફરમાન પ્રમાણે તે કુરાનની નકલ કરતો અને તેમાંથી જે પૈસા આવે તેનું દાન કરતો. તેણે એક પણ સુંદર ઈમારત બાંધી નહતી. જુગાર, વેશ્યાગૃહો, માદક વસ્તુનો વેપાર, મોહરમ, હોળીના ઉત્સવ વગેરે પર તેણે પ્રતિબંધ મૂકયા હતા. તે વિદ્વાન હોવાં છતાં વેરી અને દુરાગ્રહી હતો. શાહજહાનના સમયની સમૃદ્ધિ, આદર્શો અને વિકાસ ઔરંગઝેબની અવનતિથી ઢંકાઈ ગયા અને ધર્મનીતિને પરિણામે લોકોનો જીવન વિકાસ બંધ થવા લાગ્યો.

Q. 53. Compare Akbar and Aurangzeb as Statesmen.

અકબર એક મહાન અને પ્રવિણ રાજ્યકર્તા હતો તેણે પોતાના રાજ્યમાં વ્યવસ્થા અને આબાદી માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. ઔરંગઝેબ જો કે રાજ્યલોભી હતો પણ તેનામાં દિર્ઘદ્રષ્ટિની ખામી હતી તેથી રાજ્ય વ્યવસ્થા અને સંજોગવસાત તેનું નિયમન કરવામાં બેદરકાર રહ્યો. ઔરંગઝેબના રાજ્યલોભ અને સત્તાનો લોભ એજ બે મુખ્ય દોષો આગળ પડતા હતા. રાજ્યકર્તા તરીકે અકબરની નીતિ મિત્રાચારી, વિશ્વાસ અને ઉદારતા પર રચાઈ હતી. જ્યારે ઔરંગઝેબની રાજ્યનીતિ દુશ્મનાવટ, અણવિશ્વાસ અને લોભ પર રચાઇ હતી. અકબરની ધર્મનીતિ ઘણે અંશે તટસ્થ હતી જ્યારે ઔરંગઝેબ ધર્માંધ હોવાને લીધે ફક્ત સુન્ની પંથના મુસલમાનો

તરફજ પક્ષપાત કરતો. અકબરે રાજ્યની મહેસુલમાં પદ્ધતિસર વધારો કર્યો અને તેથી શાહજહાનના સમયમાં લખલૂટ પૈસો રાજ્યની તિજોરીમાં ભેગો થયો જ્યારે ઔરંગઝેબે રાજ્ય લોભના પરિણામે લશ્કરી ખરચ પાછળ પુષ્કળ પૈસા ખરચી તિજોરી ખાલી કરી. અકબરે રજપૂતો સાથે મિત્રાચારી બાંધી રાજ્ય મજબુત બનાવ્યું પણ ઔરંગઝેબે તેમને દુશ્મનો બનાવ્યા અને યુદ્ધોમાં ઉતર્યો. તે ઉપરાંત ઔરંગઝેબે દક્ષિણના રાજ્યો સાથે પણ ચઢાઈ કરી ધર્મ ફેલાવવા વ્યર્થ પ્રયાસો કર્યા અને તેને પરિણામે મરાઠા જેવા જબરા દુશ્મનો ઉભા કર્યા.

આ રીતે અકબર અને ઔરંગઝેબની રાજ્યનીતિમાં તદ્દન ભેદ માલમ પડે છે. અકબર ઇતિહાસમાં શ્રેષ્ઠ મોગલ પાદશાહ કહેવાયો પણ ઔરંગઝેબ રાજ્યકર્તા તરીકે નિષ્ફળ નીવડયો.

Q. 54. Describe Aurangzeb's invasion of the Deccan and account of his failure to crush the Marathas.

શાહજહાનના વખતમાં ઔરંગઝેબે બિજાપુર અને ગોવળકોંડાના રાજ્યોને હરાવ્યાં હતાં અને તેમની પાસેથી ખંડણી લીધી હતી. ઔરંગઝેબ તે વખતે દક્ષિણનો સુબો હતો. એ બન્ને રાજ્યો સંપૂર્ણપણે તેનાથી જીતી શકાયાં નહતાં. શાહજહાનની માંદગીની ખબર સાંભળી ઔરંગઝેબ એકદમ દિલ્હી તરફ જતો રહ્યો હતો એટલે તે પોતાનું કાર્ય કરી શકયો નહિ. જ્યારે તે રાજા થયો ત્યારે આ બન્ને રાજ્યો શીઆ પંથના હોવાથી તેમને કચડી નાંખવાનો નિશ્ચય કર્યો. બીજું તેઓ મરાઠાને પણ મદદ કરતા હતા. જ્યારે ઔરંગઝેબ રજપૂતો સાથે લડવામાં રોકાયો હતો ત્યારે દક્ષિણ હિંદુસ્તાનમાં આ બન્ને રાજ્યોની સત્તા ઘણી વધી ગઇ હતી. ઇ. સ. ૧૬૮૧માં ઔરંગઝેબ જાતે ઘણુંજ મોટું લશ્કર લઈ, દક્ષિણ તરફ ગયો. લશ્કરનો રસાલો એટલો

મોટો હતો કે તે લશ્કર જેવો દેખાતો નહિ, પણ કોઈ પાદશાહની ભવ્ય સ્વારી હોય તેવી લાગતું. આથી લશ્કરમાં અવ્યવસ્થા પણ ઘણીજ હતી. ઇ. સ. ૧૬૮૫માં ઔરંગઝેબ શોલાપુર પહોંચ્યો. ત્યાંથી ગોવળકોંડા જીતવા તેણે પોતાના પુત્ર મુઆઝમને મોકલ્યો. મુઆઝમે સંધિ કરી. બીજાપુરના સુલતાન સાથે થએલી સંધિ ઔરંગઝેબને ગમી નહિ. તેથી તેણે ફરીથી ચઢાઈ કરી અને સુલતાન પાસે મરાઠા વિરૂદ્ધ મદદ માંગી. તે સુલતાને તે આપવા ના પાડી. ઔરંગઝેબની ઇચ્છા મરાઠા સત્તાને પણ નાશ કરવાની હતી. ઈ. સ. ૧૬૮૮માં બિજાપુરને ઔરંગઝેબે ઘેરો ઘાલ્યો અને ઇ. સ. ૧૬૮૬ માં તે કબજે કર્યું. સુલતાનને તેણે કેદ કર્યો. ઇ. સ. ૧૬૮૭ માં ગોવળકોંડાને ઘેરો ઘાલ્યો. તેનો એક સરદાર ફુટયો તેથી ઔરંગઝેબ ગોવળકોંડા કબજે કરી શક્યો. અને આખરે તે ખાલસા કર્યું. દક્ષિણની જીતનું પરિણામઃ– (૧) બીજાપુર અને ગોવળકોંડા પર ચઢાઈ કરવામાં ઔરંગઝેબનું લશ્કર થાકી ગયું હતું. અને બીજી રાજ્યવ્યવસ્થા ઉપર ધ્યાન આપી શક્યું નહિ. (૨) મરાઠાઓ સત્તાવાન બન્યા અને તેમને બન્ને મુસલમાન રાજ્યોને પણ મદદ કરી હતી. (૩) બન્ને રાજ્યોનો નાશ થતાં શિવાજીને (મરાઠા સત્તાને) સ્વતંત્ર થવાની તક મળી. (૪) ઔરંગઝેબના શત્રુઓ વધ્યા અને બધાને કાબુમાં રાખવાનું કાર્ય મુશ્કેલ થઈ પડ્યું. (૫) બીજાપુર અને ગોવળકોંડાના સૈનિકો છુટા થઇ ગયા એટલે તેમાંના ઘણા મરાઠાઓ સાથે મળી ગયા અને બીજાઓએ લૂટફાટ શરૂ કરી.

મરાઠાઓની સામે નિષ્ફળતાના કારણો—(૧) ઔરંગઝેબનું લશ્કર લાંબી મુસાફરી અને ચાલુ લડાઇઓથી કંટાળી ગયું અને તેથી તેઓ ખરા મનથી લઢાઈઓ કરતા નહિ.

(૨) શિવાજીનું લશ્કર ધર્મનાઝનુનથી અને દેશાભિમાનથી પ્રેરાઇ ઘણુંજ ચેતનવંત બન્યું હતું. (૩) મરાઠા લશ્કર કદી ખુલ્લા મેદાનમાં

મોગલ લશ્કર સામે થતું નહિ. તેઓ ડુંગરોમાં ભરાઇ જઇ લડતા. (૪) ઔરંગઝેબ કોઇના પર પણ વિશ્વાસ રાખતો નહિ અને પોતાના પુત્રની પણ સલાહની અવગણના કરતો.

આ ઉપરથી સમજાય છે કે ઔરંગઝેબની દક્ષિણની જીત કરવાનું સહાસ તેની પોતાની વિરૂદ્ધ ગયું અને તેને પરિણામે તે મરાઠાઓને પણ કબજે કરી શક્યો નહિ.

Q. 55. Account for the colossal failsure of Aurangeb in the Deccan. Did he commit any mistake in first subduing the two Mohammadan Kingdoms ?

જુઓ જવાબ ૫૪.

Q. 56. Describe the attempts made by the Moguls to conquer the Deccan and state how far were they successfnl.

(૧) અકબરના સમયમાં:—અકબરના સમયમાં દક્ષિણ હિંદુસ્તાન સિવાયનો લગભગ બધોજ ભાગ મોગલ સલતનતની રાજ્ય સત્તા હેઠળ હતો, દક્ષિણમાં ફિરંગીઓની સત્તા વધતી જતી હતી તેને દાબી દેવા માટે બીજાપુર, ખાનદેશ અને અહમદનગર કબજે કરવા જરૂરના હતા. અકબરે શાહજાદા મુરાદને મોટું લશ્કર આપી દક્ષિણમાં મોકલ્યો હતો. તેણે અહમદનગર પર ચઢાઇ કરી પણ ચાંદબીબીએ બહાદુરીથી બચાવ કર્યો. આખરે ચાંદબીબીએ સલાહ કરી પણ પાછળથી તેનું ખૂન થયું. અકબરની દક્ષિણ જીતવાની અભિલાષા સંપૂર્ણ થઇ નહિ એટલામાં શાહજાદા સલીમે બંડ કર્યું તેથી અકબર દિલ્હી તરફ પાછો ફર્યો.

(૨) જહાંગીરના સમયમાં:—અહમદનગરમાં મલીકઅંબર સરદાર હતો અને તે મોગલ સત્તા સ્વીકારવા નારાજ હતો. જહાંગીરે પોતાના સરદારોને મોકલ્યા હતા પણ મલીકઅંબરના બળ સામું તેઓ ફાવ્યા નહિ. આખરે શાહજહાને જાતે ચઢાઈ કરી. આ વખતે મલીકઅંબર હારી ગયો અને અહમદનગરનું રાજ્ય નાશ પામ્યું.

(૩) શાહજહાનના સમયમાં:—મોગલ પાદશાહની સામે બંડ ઉઠાવનારાઓને અહમદનગર, બિજાપુર અને ગોવળકોંડાના રાજ્યો આશ્રય આપતા હતા તેથી એ રાજ્યો કબજે કરવા શાહજહાને વિચાર કર્યો. ૧૬૩૩માં અહમદનગરનો નાશ થયો હતો તે છતાં પાછું તેને ઉભું કરવાને પ્રયાસો કરવામાં આવ્યા. ઈ. સ. ૧૬૩૬માં બિજાપુર અને ગોવળકોંડાના રાજાએ મોગલોનું સર્વોપરિપણું સ્વીકાર્યું ત્યાર પછી અહમદનગરની નિઝામ શાહીનો અંત આવ્યો.

(૪) ઔરંગઝેબના સમયમાં:—જુઓ જવાબ ૪૨. ઔરંગઝેબે પોતાના પુત્રને મોકલ્યો, ત્યાર પછી તે જાતે ગયો. ઈ. સ. ૧૬૮૫માં બિજાપુરને ઘેરો ઘાલ્યો અને ઈ. સ. ૧૬૮૬માં કબજે કર્યું. ઈ. સ. ૧૬૮૭માં ગોવળકોંડાને ઘેરો ઘાલ્યો અને કબજે કર્યું. મરાઠાઓ દુશ્મન બન્યા. તેમની સાથે યુદ્ધ કરવું પડ્યું. ઔરંગઝેબના આ સાહસનું પરિણામ અનિષ્ટ થયું વગેરે.

Q. 57. Give a short account of the relations between the Mogul Emperors and Rajputs to the death of Aurangzeb.

અકબરની મહત્વકાંક્ષા હિંદમાં મહારાજ્ય સ્થાપવાની હતી. તે દુરઅંદેશી અને નિપુણ રાજકર્તા હતો રજપૂતોને પોતાના મિત્રો બનાવવાનો તેણે નિરધાર કર્યો. આ કરવા માટે તેણે લાલચ, યુક્તિઓ અને છેવટે બળ પણ વાપર્યું. જે રજપૂત રાજ્યો મિત્રભાવે અકબરની સાથે મળી ગયા તેમની સાથે તેણે સારી વર્તણુંક

બનાવી. મેવાડનો રાણો અકબરની મહાન સત્તાની સામે થયો અને બીજા રાજાઓને તેમ કરવા ઉશ્કેર્યાં. અકબરે ચિતોડ પર ચઢાઈ કરી જીતી લીધું. ત્યાર પછી પ્રતાપસિંહે પણ જીંદગી ભર મોગલ સત્તા સામે લડાઈ ચાલુ રાખી. રજપૂતો સ્વતંત્રતા પ્રિય હતા તેથી એકદમ શરણે થાય તેવો તેમનો સ્વભાવ નહતો. જોધપુર, બિકાનેર, જયપુર વગેરે રજપૂત રાજ્યો અકબરને શરણે થયા અને અકબરે તેમના તરફ ઉદાર નીતિ રાખી તેમની પ્રીતિ સંપાદન કરી.

જહાંગીરે રજપૂતો તરફ અકબરનીજ નીતિ ચાલુ રાખી. જહાંગીરે મેવાડ જીતવા પોતાના પુત્રને મોકલ્યો હતો. મેવાડ મોગલોના હાથમાં ગયું મેવાડ પાછું રાણાને જહાંગીરે સોંપી દીધું અને તેની પાસે મિત્રતાનું વચન લીધું જે ઔરંગઝેબના મરણ સુધી રજપૂત રાણાઓએ પાળ્યું.

શાહજહાનની રજપૂતો પ્રત્યેની નીતિ અકબર જેવી ઉદાર ન હતી. શાહજહાનને ધર્મનું ઝનુન હતું. તે બુંદેલખંડના રજપૂતો સાથે લઢ્યો અને તેમને વેરી બનાવ્યા. બુંદેલખંડમાં ચઢાઈ કરી ઘણાં હિંદુ મંદીરો તોડી નંખાવ્યા અને રાજકુટુંબને મુસલમાન બનાવ્યું. આ કારણથી શાહજહાનની નીતિ રજપૂતો પ્રત્યે દુઃખદ હતી.

ઔરંગઝેબે ધર્માંધપણાને લીધે પોતાની નીતિ અકબર કરતાં તદ્દન ઉલટીજ રાખી. રજપૂતો તરફ પણ તે કરડી નજરે જોતો. ઔરંગઝેબના સમયાં જોધપુર અને મેવાડનું રાજ્ય અગ્રસ્થાન ભોગવતું હતું. જોધપુરનો રાજા જસવંતસિંહ મોગલ સરકારનો મોટો ઓધ્ધેદાર હતો. જસવંતસિંહે ઔરંગઝેબ વિરૂદ્ધ દારા અને શુજાને મદદ કરી હતી. આથી તેનું કાશળ કાઢવા ઔરંગઝેબે તેને કાબુલ તરફ મોકલ્યો હતો. પાછા ફરતાં રસ્તામાં તે મરણ પામ્યો એટલે તેની વિધવા અને પુત્રને કેદ કરવા પ્રપંચ કર્યો. ઔરંગઝેબે જાતે મેવાડ પર ચઢાઈ કરી, ઉદેપુર જીત્યું. રજપૂતોને

વશ કરવાનું કાર્ય સહેલું ન હતું. ઔરંગઝેબે તેના ત્રણે પુત્રોને મોકલ્યા હતા પણ રાઠોડો અને સિસોદીઆઓ વશ થયા નહિ. ઔરંગઝેબે સંધિ કરી પણ મારવાડ તો અજીત રહ્યું.

ઔરંગઝેબની આ પ્રકારની રજપૂતો પ્રત્યેની નીતિથી તેણે પોતે દક્ષિણના માર્ગમાં દુશ્મનો ઉભા કર્યા રજપૂતોની સાથે દુશ્મનાવટ જારી રાખવાથી અને પરધર્મીઓ પ્રત્યે ઘાતકી વર્તણુંકથી ઔરંગઝેબની રાજ્ય સત્તા નબળી પડવા લાગી.

Q. 58. Describe the part played by the Rajputs in the reigns of Akbar and Aurangzeb.

જુઓ જવાબ ૪૫.

Q. 59. State the causes that led to the rise of Marathas.

અહમદનગર, બીજાપુર અને ગોવળકોંડના ત્રણ મોટા રાજ્યો દક્ષિણ હિંદુસ્તાનમાં સોળમા અને સત્તરમા સૈકામાં હતા. આ રાજ્યો જીતી લેવા મોગલ પાદશાહોએ વારંવાર આક્રમણો કર્યાં હતાં. ઔરંગઝેબે આ રાજ્યોનો નાશ કરવા જોઇએ તેટલા પ્રયત્નો કર્યા અને તેથી તેઓ ઘણા નબળા પડી ગયા. દક્ષિણના હિંદુ તેમજ મુસલમાન રાજ્યોને લશ્કરી સૈનિક તરીકે મરાઠાઓને રાખવાની ફરજ પડી.

મરાઠાઓ મજબૂત સૈનિકો હતા અને તેમના કેટલાક તો સરદારો પણ બન્યા હતા. મુસલમાન સુલતાનોની રાજ્ય સત્તા જેમ જેમ નબળી પડતી ગઈ તેમ તેમ મરાઠા સરદારો સત્તાવાન બનતા ગયા. મરાઠા સરદારોએ પોતાના હાથ નીચે લશ્કરી ટુકડી રાખવા માંડી અને તેઓ ધીરે ધીરે સેનાપતિ અને જાગીરદારો બન્યા. મરાઠા સરદારોએ દક્ષિણના મુખ્ય કિલ્લાઓ હસ્તક ગરતવા માંડયા.

તે ઉપરાંત ધર્મના ઝનુનથી અને દેશાભિમાનની લાગણીથી પોતાના ધર્મનું અને દેશનું રક્ષણ કરવા તેઓ પ્રેરાયા અને પરિણામે તેઓ દક્ષિણમાં એક જબરી પ્રજા બની.

આવા કટોકટીના સમયે શિવાજી તેમને એક ઘણોજ બાહોશ અને ચાલાક સરદાર મળી ગયો. શિવાજીની બુદ્ધિ અને કાર્યશક્તિ અનુપમ હતી અને હિંદુરાષ્ટ્ર સ્થાપવાની તેની હાકલ મરાઠા પ્રજાએ ઝીલી લીધી.

તે ઉપરાંત મોગલો દક્ષિણના મુસલમાનોના દુશ્મન હતા અને મરાઠાઓના પણ દુશ્મન હતા તેથી મુસલમાન દક્ષિણ સુલતાનો પોતાના સામાન્ય દુશ્મન મોગલો વિરૂદ્ધ મરાઠાઓને પ્રસંગોપાત મદદ કરતા. આ બધા કારણોને લીધે એવા સંજોગો ઉભા થયા હતા મરાઠાઓની દક્ષિણમાં સત્તા બળવાન થઈ.

Q. 60. Describe briefly the career of Shivaji.

ઔરંગઝેબનું દક્ષિણના સુલતાનો ઉપર આક્રમણ થવાથી દક્ષિણ રાજ્યોની સત્તા નબળી પડતી ગઇ અને મરાઠાઓને એવા સંજોગો મળ્યા કે તેમની સત્તા વધતી ગઈ. જુઓ જવાબ ૫૯.

શિવાજીનું બાલ્યજીવન—શિવાજીના બાપ શાહજી બિજાપુરના રાજાની નોકરીમાં હતા નાનપણથીજ તેણે પોતાના ગુરૂ પાસેથી રામાયણ અને મહાભારતની વાતો સાંભળી હતી. તેથી હિંદુ ધર્મની રક્ષા કરવા તેનામાં પ્રેરણા થઈ હતી. તે ઉપરાંત સૈનિક તરીકે પણ તેણે તાલીમ લીધી હતી.

શિવાજી સૈનિક તરીકે—શિવાજીની ઉંમર જ્યારે ૧૯ વરસની હતી ત્યારે તેણે લડાયક જીવન શરૂ કર્યું હતું. તેણે લશ્કર ભેગું

કરી એક પછી એક કિલ્લાઓ જીતવાનું કામ આરંભ્યું હતું શરૂઆતમાં તેણે લૂટફાટથી પૈસા મેળવવા માંડયો. બિજાપુરના રાજાની નોકરીમાં શિવાજીનો બાપ શાહજી હતો તે છતાં બિજાપુરને પણ શિવાજી છોડતો નહિ તેથી શાહજીને બિજાપુરના રાજાએ કેદ કર્યો હતો.

બિજાપુરના રાજાએ પોતાના સરદાર અફઝુલખાનને શિવાજી સામે મોકલ્યો હતો અફઝુલખાનને શિવાજીએ મારી નાંખી પોતાની મહત્તા વધારી.

ઔરંગઝેબે શાઇસ્તખાનને શિવાજીની સામે મોકલ્યો હતો કારણ કે શિવાજી મોગલ રાજ્યની હદમાં સત્તા જમાવવા પ્રયત્નો કરતો. શાઇસ્તખાનને પણ શિવાજીએ હંફાવ્યો હતો ત્યાર પછી તેણે સુરત લૂટયું.

શિવાજીએ ૮૫ વહાણનો કાફલો તૈયાર કરાવી વ્યાપારી વહાણો લૂટવા તૈયારી કરાવી. મુસલમાનો મક્કે હજ કરવા જતાં તેમના વહાણો પર હલ્લો કરવામાં આવ્યો તેથી ઔરંગઝેબ ઝુનુની બન્યો અને મરાઠા ઉપર ચઢાઈ કરી. તે વખતે **પુરંદરની** સંધી થઈ અને શિવાજીએ કેટલાક કિલ્લા પાછા સોંપી દીધા. ત્યાર પછી શિવાજી મોગલ દરબારમાં ગયો ત્યાં તેને કપટથી કેદ કરવામાં આવ્યો પણ યુક્તિથી તે નાસી છૂટયો. અને પોતાનું રાજ્ય જમાવ્યું.

શિવાજી રાજ્ય કર્તા તરીકે—મોગલ દરબારમાંથી નાસી છૂટયા પછી શિવાજીએ બે વર્ષ પોતાની સત્તા મજબુત બનાવવામાં ગાળ્યાં. શિવાજીએ ઈ સ. ૧૬૭૪માં "મરાઠા રાજા" નો ખિતાબ ધારણ કર્યો અને તેનો રાજ્યભિષેક ઘણી ધામધૂમથી થયો. તેણે પોતાની રાજધાની રાયગઢમાં રાખી.

રાજ્ય વ્યવસ્થા—શિવાજીએ અષ્ટ પ્રધાન મંડળ સ્થાપ્યું હતું અને રાજ્ય કારભારના ખાતાંઓ પાડી દરેક મંત્રીને સોંપી દીધા હતા.

આ પ્રમાણે શિવાજીએ ઘણી કુશળતાથી પોતાનો રાજ્ય વહીવટ ચલાવ્યો હતો અને એક સૈનિક તરીકે જીવન શરૂ કરી તે એક 'રાજા' બન્યો હતો. ઈ. સ. ૧૬૮૦માં તે મરણ પામ્યો.

Q. 61. Write short notes on:-

(1) Chand-Bibi, (2) Din-i-Ilahi, (3) The Revenue System of Todarmal (4) European Travellers to India during the Mogul Period.

(૧) ચાંદબીબી—અકબરે શાહજાદા મુરાદને દક્ષિણમાં મોટું લશ્કર લઈ મોકલ્યો હતો. તેણે અહમદનગર પર ચઢાઇ કરી તે ઉપર ઘેરો ઘાલ્યો. ચાંદબીબી અહમદનગરના સુલતાનની બહેન થતી હતી અને તેણે શાહજાદા મુરાદ સાથે સારી રીતે ટક્કર ઝીલી હતી. ચાંદબીબી યુદ્ધકળામાં ઘણી હોશિયાર બાઇ હતી.

(૨) **દીન ઈલાહી**—પાદશાહ પોતે રાજકીય, સામાજિક અને ધાર્મિક નેતા છે એમ અકબર પોતે માનતો હતો. તેણે પોતાના સિદ્ધાંત રૂપે દીને ઈલાહી નામનો નવો ધર્મ સ્થાપ્યો હતો. અકબર પોતે એ ધર્મનો મુખ્ય ધર્માધિકારી એટલે **ખલીફા** છે એમ માનતો. પોતાના નવા ધર્મમાં દાખલ થવા કોઇને તે ફરજ પાડતો નહિ. એ નવા ધર્મના ઘણાં સિદ્ધાંતો ખ્રિસ્તી અને જરથોસ્થી ધર્મના હતા. તે છતાં નવો ધર્મ ઇસ્લામ પર રચાયો હતો. તે વખતે દેશમાં મનાતા અનેક ધર્મો અને પંથોને સમાનતાના ધોરણ પર મૂકી બધાને એકજ ધર્મ પંથમાં દાખલ કરવા અકબરની મુરાદ હતી કે જેથી ધર્મને નામે ચાલતા ઝઘડા દૂર થઈ શકે. અકબરના મરણ પછી તે ધર્મ ચાલ્યો નહિ.

(૩) **ટોડરમલની મહેસુલ પદ્ધતિ**—શેરશાહને મહેસુલ-ખાતામાં સુધારો કરી આપનાર ખરો સલાહકાર ટોડરમલ હતો.

માપના એકમોના ધોરણે આંકણી નક્કી કરી. જમીન માલીક અને સરકાર વચ્ચેના ભોગવટાના હક્કો નક્કી કર્યાં. જમીનની મહેસુલ ઉઘરાવવા પગારદાર અમલદારોની નીમણુક કરવામાં આવી. શેરશાહ પોતે મહેસુલના સુધારાનો પ્રણેતા હતો અને ત્યાર પછી અકબરે તેમાં વિશેષ સુધારાઓ ટોડરમલની સલાહથી પાછા કર્યા. ટોડરમલ પ્રખર નાણાંશાસ્ત્રી હતો તેના પર અકબરનો સંપૂર્ણ વિશ્વાસ હતો. અકબરના સમયમાં આખા રાજ્યના ૧૮૨ ભાગ પાડવામાં આવ્યા હતા. દરેક ભાગમાં જમીનની સરેરાસ આવક ધ્યાનમાં લઈ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ એવા ત્રણ ભાગ પાડયા અને તે ધોરણે મહેસુલ નક્કી કરવામાં આવ્યું. આવકનો ત્રીજો ભાગ અથવા તેટલું રોકડ નાણું સીધી રીતે પાદશાહની તીજોરીમાં જતું. આ કામ પગારદાર અમલદારો કરતા. તે ઉપરાંત ખેડુતોને મદદ કરવાની યોજના પણ અકબરે અમલમાં મૂકી હતી. ટોડરમલની મહેસુલ પદ્ધતિથી સરકાર અને રૈયત બન્નેને ફાયદો થયો હતો.

(૫) **મોગલ યુગમાં યુરોપીય મુસાફરો**—ઈ. સ. ૧૪૯૮માં વાસ્કોડી ગામાએ હિંદુસ્તાનનો દરિયાઇ માર્ગ શોધી કાઢયો. શરૂઆતમાં પોર્ટુગીઝો હિંદુસ્તાન આવ્યા અને સંસ્થાનો સ્થાપ્યાં. ત્યાર પછી બીજી યુરોપિય પ્રજાઓ હિંદમાં આવવા લાગી. જહાંગીરે તેમને ઉત્તેજન આપ્યું ઈ. સ ૧૬૦૮માં કેપ્ટન હોકિન્સ નામનો અંગ્રેજ વેપારી સુરતમાં આવ્યો હતો. તે ઇંગ્લાંડના રાજાના ભલામણપત્રો પોતાની સાથે લાવ્યો હતો. જહાંગીરે તેમને વેપાર કરવાની છૂટ આપી હતી. ઈ. સ. ૧૬૫૧માં સર ટોમસ રો નામનો હોશિયાર અને નામાંકિત વકીલ જહાંગીરના દરબારમાં વેપાર કરવાના કેટલાક હક્કો મેળવવા આવ્યો હતો સર ટોમસ રોને પોતાના કામમાં ખાસ ફત્તેહ મળી ન હતી તેથી તે સ્વદેશ ગયો હતો. શાહજહાંને ૧૬૩૨માં પોર્ટુગીઝોને હુગલીમાંથી હાંકી કાઢયા હતા કારણ કે

તેઓ શરત પ્રમાણે ન ચાલતાં રાજ્યમાં માથું મારવા પ્રયાસ કરતા હતા.

Q. 62. Compare Shershah and Akbar as Statesmen. જવાબ માટે જુઓ જવાબ ૩૦ અને ૩૯.

ADDITIONAL QUESTION

Q. 63. Write Short notes on:—Albiruni, Firdusi and Kutbuddin.

(૧) **અલબીરૂની** દશમા સૈકામાં એક મહાન વિદ્વાન પુરુષ તરીકે જાણીતો થઈ ગયો છે. એનો જન્મ ઈ. સ. ૯૭૩માં ખીવા મૂકામે થયો હતો. મહમુદ ગઝની સાથે તે હિંદુસ્તાનમાં આવ્યો હતો. અહિં તે રહ્યો તે દરમિયાન તેણે હિંદુ રીતરિવાજ અને સંસ્કૃતનો સારો અભ્યાસ કર્યો હતો. ઉપરાંત ખગોળશાસ્ત્ર તથા ઉપનિષદનો પણ તેણે સારો અભ્યાસ કર્યો હતો. હિંદુ શાસ્ત્રોમાં તે ઘણો રસ લેતો અને તેનો અભ્યાસ કરી તે તરફ માનથી જોતો હતો. વળી તેણે તે સમયના હિંદનું વર્ણન ઘણી સુંદર રીતે કર્યું હતું આ પુસ્તક ઘણુંજ મશહૂર ગણાય છે અને તેના લખાણની શૈલીને લીધે અલબીરૂની આખા જગતમાં એક પ્રખર વિદ્વાન તરીકે ઓળખાય છે.

(૨) **ફિરદૌસી**—દશમાં સૈકામાં ફિરદૌસી એક મહાન કવિ થઈ ગયો હતો. એનો જન્મ ઈ. સ. ૯૫૦માં ખોરાસાન પ્રાંતમાં થયો હતો. મહમદ ગઝની તેની કવિત્વ શક્તિ પર ખુશ થઈ જઈ ફિરદૌસીને પોતાનું જીવનવૃત્તાંત કવિતામાં લખવા કહ્યું હતું અને દરેક કડીને માટે એકેક સોના મહોર આપવા વચન આપ્યું હતું. ૬૦૦૦૦ કડીનું એક પુસ્તક "શાહનામા" તેણે લખ્યું અને તેમાં મહમદ ગીઝનીના પાદશાહ તરીકે ભારોભાર ગુણગાન ગાયા. જ્યારે

૬૦૦૦૦ સોના મહે.ર આપવાનો વખત આવ્યો ત્યારે મહમદ લોભને લીધે સોના મહોર આપતાં ખંચકાયો અને મહમદે ચાંદીના સિક્કા આપવા કહ્યું. ચાંદીના સિક્કા ફિરદોસીએ સ્વીકાર્યા નહિ અને તે ગઝની છોડી ચાલ્યો ગયો. ત્યારપછી મહમદ વિષે તેણે કટાક્ષ કાવ્યો લખ્યાં અને તેને ઉતારી પાડવા કોશીષ કરી. આ બાબતની જ્યારે મહમદને ખબર પડી ત્યારે તેણે સોનામહોર મોકલી તો ખરી પણ તે સમયે ફિરદૌસી મરણ પામ્યો હતો આ પ્રમાણે મહમદ એક મહાન કવિની કદર કરી શક્યો નહિ

(૪) કુતબુદ્દીન—ગુલામ વંશની સ્થાપના કરનાર કુતબુદ્દીન હતો. તેનો જન્મ ગરીબ માબાપને ત્યાં થયો હતો તેથી તે ગુલામ તરીકે નાનપણમાં એક કાઝીને ત્યાં વેચાયો હતો. કાઝીને ત્યાં રહી તેણે ફારસી તથા અરબી ભાષાનો સારો અભ્યાસ કર્યો હતો. કાઝીને ત્યાંથી એક વેપારીએ તેની હોશિયારીને લીધે ખરીદ્યો અને શાહબુદ્દીનને ભેટ તરીકે આપ્યો હતો. થોડા વખતમાં તેની ચાલાકીને લીધે શાહબુદ્દીને તેને લશ્કરી ટુકડીનો સેનાપતિ બનાવ્યો. કુતબુદ્દીન એક ઘણોજ વફાદાર નોકર હતો અને તેથી શાહબુદ્દીને તેને હિંદમાં પોતાનો પ્રતિનિધિ બનાવ્યો હતો. લશ્કરી નોકરીમાં તે જ્યારે હતો ત્યારે તેણે ઉત્તર હિંદુસ્તાનનો મોટો ભાગ જીત્યો હતો.

કુતબુદ્દીન ઘણો ઝનુની અને ઘાતકી હતો તે લોકોની કતલ કરતો અને હિંદુ દેવળો ભાંગતો. રાજ્યકર્તા તરીકે તે પોતાના રાજ્યમાં શાંતિ અને આબાદી ચાહતો હતો. સ્વભાવે તે બહુજ ઉદાર હતો અને પોતાના મિત્રોને છૂટે હાથે મદદ કરતો. ઈ. સ. ૧૨૧૦ માં 'પોલો' રમતાં તેને અકસ્માત થયો અને તે મરણ પામ્યો હતો.

Q. 64. Give a short life sketch of Taimur.

તીમુરનો જન્મ ઈ. સ. ૧૩૩૫માં સમરકંદથી થોડે દૂર એક ગામમાં થયો હતો. તે જાતે મોગલ સરદાર હતો અને ત્રીસ વર્ષની ઉમરે તે તુર્કોનો આગેવાન બન્યો હતો. તુર્કના સરદાર તરીકે તેણે ઇરાન, તુર્કસ્તાન, મેસપોટેમીઆ, એશિયા માઈનોર અને અફગાનિસ્તાન જીત્યાં હતાં. પોતાની આ જીતને પરિણામે તેણે એક મધ્ય એશિયામાં મહાન રાજ્ય સ્થાપન કર્યું હતું. હિંદુસ્તાનની સમૃદ્ધિ વિષે અનેક હકીકતો તેણે સાંભળી હતી અને તેથી હિંદ જીતવાની તેના મહત્વકાંક્ષા હતી ૯૨૦૦૦ ઘોડે સ્વારનું લસ્કર લઇ હિંદ પર તીમુર ચઢી આવ્યો હતો અને ઘણી સહેલાઇથી દિલ્હી સુધી પહોંચ્યો હતો.

તીમૂર ઘણોજ ઘાતકી અને ક્રૂર હતો. હિંદપર જ્યારે તેણે સ્વારી કરી ત્યારે પકડેલા એક લાખ ગુલામની કતલ તેણે કરી નાંખી હતી. જ્યારે તેની દિલ્હીના સુલતાન મહમદ પર જીત થઈ ત્યારે શરૂઆતમાં તો તુર્ક લોકો સારી રીતે વર્ત્યા પણ પાછળથી તકરાર થવાથી તીમૂર અને તેના સિપાઇઓના ક્રોધનો પાર રહ્યો નહિ. તીમૂરના હુકમથી આખું શહેર પાંચ દિવસ સુધી લૂંટાયું અને લોકોની કતલ ઘણી ઘાતકી રીતે કરી. દિલ્હી સર કર્યા પછી તીમૂરે મીરત, હરદ્વાર, વગેરે લૂંટયાં. લૂંટ અને કતલ એ બે સિવાય બીજું કંઇ પણ તીમૂરે કર્યું નથી. તીમૂરના આક્રમણથી ઉત્તર હિંદમાં અવ્યવસ્થા, અંધાધૂંધી, દૂકાળ અને રોગ સિવાય બીજું કશું રહ્યું નહિ. જ્યારે તે સ્વદેશ પાછો ફર્યો ત્યારે પોતાના સરદાર ખિઝરખાનને હિંદમાં મૂકતો ગયો. તીમૂર અતિ ક્રૂર અને શૂરવીર સેનાપતિ હતો. તે પગે લંગડો હતો તેથી તેને **તીમૂરલંગ** ના નામથી ઈતિહાસમાં ઓળખે છે.

Q. 65. What was the effect of the invasion of Taimur on the political condition of India ?

જ્યારે તીમૂરે હિંદપર ચઢાઈ કરી ત્યારે મહમ્મદશાહ તઘલખ દિલ્હીનો રાજા હતો. તઘલખ વંશની પડતીની શરૂઆત તો ફિરોઝશાહના મરણ પછીજ શરૂ થઈ હતી એટલે જે કાંઈ રાજ્યસત્તા દિલ્હીના સુલતાનની હતી તે છેકજ નાબુદ થઇ ગઈ. તીમૂરની લૂટ અને કતલને પરિણામે ઉત્તરહિંદમાં રાજ્યવ્યવસ્થાને નામે મીડું વળી ગયું હતું મુસલમાનોની સત્તા નબળી પડતાં ચિતોડનો રાણો કુંભ અને મારવાડનો હાકેમ બળવાન બન્યા. દિલ્હીની પ્રજા તદ્દન ગરીબ અને નિર્માલ્ય બની ગઇ. વેપાર ધંધો તથા ખેતી નાશ પામ્યા. અને લોકોની વસ્તી ઘટી જવા માંડી. તીમૂરની સ્વારીના પરિણામે તઘલખ વંશની પડતી પૂરેપૂરી થઇ અને લોદી વંશની સ્થાપના થઇ.

Q. 66. Give brief account of the Sayad and Lody Dynasty.

તીમૂરના પ્રતિનિધિ તરીકે **ખિઝરખાને** દિલ્હીની ગાદી પર **સૈયદ વંશની** સ્થાપના કરી. જ્યારે તે પાદશાહ બન્યો હતો ત્યારે દિલ્હીના રાજ્યમાં અશાંતિ હતી અને સરદારો સ્વતંત્ર બની ગયા હતા. સત્તાને લોભે બંડો થતાં અને તેથી ખિઝરખાનને રાજ્યકારભાર કરવો મુસ્કેલ થઈ પડયો હતો. ખિઝરખાને માત્ર સાત વર્ષ રાજ્યકારભાર કર્યો પણ તેણે પોતાના અમલ દરમિયાન કદી લોકોનો અત્યાચાર કર્યો નથી. તેની શાંતિપ્રિય રાજ્યનીતિને લીધે લોકો તેને બહુ ચાહતા હતા. ખિઝરખાન પછી તેનો પુત્ર **મુબારકશાહ** સુલતાન થયો. તે ભલો અને ડાહ્યો સુલતાન હતો. તેનું ખૂન થયું હતું. ત્યાર પછી ત્રણ પાદશાહ દિલ્હીની ગાદીએ બેઠા તેમાં સૌથી છેલ્લો અલાઉદ્દીન હતો. તેના વખતમાં પંજાબનો સુબો **બહેલોલ લોદી** ચઢી આવ્યો અને તેણે દિલ્હીમાં લોદી વંશની સ્થાપના કરી. લોદી વંશના રાજાઓ અફઘાન અને પઠાણ જાતીના વંશજો હતા. બહલોલ લોદીએ પોતાની સત્તા જમાવી અને દિલ્હીની પડેલી સત્તા ફરીથી

સજીવ કરી. બહલોલ બહાદુર, ઉદાર, પ્રમાણિક અને ધર્મચુસ્ત હતો. તે બહુ સાદું જીવન ગુજારતો અને ગરીબો તરફ હંમેશા દયા બતાવતો. બહલોલ પછી તેનો પુત્ર નિઝામખાન **સિકંદર** નામ ધારણ કરી ગાદીએ બેઠો. તેણે આગ્રા શહેર વસાવ્યું હતું પણ ધરતીકંપથી તે તદ્દન નાશ પામ્યું હતું. સિકંદરે રજપૂતો સાથે લડાઈ કરી, રણથંભોરનો કિલ્લો જીત્યો હતો. સિકંદર ઘણો બાહોશ રાજા હતો. તેણે રાજ્ય વ્યવસ્થા પણ ઘણી સારી કરી હતી. તેના રાજ્ય કારભારને લીધે લોકોમાં શાંતિ હતી અને લોકો સુખી હતા. તેને સાહિત્યનો શોખ હતો. તે હિંદુ ધર્મનો કટ્ટો દુશ્મન હતો અને તેણે દેવળો તોડાવી મસ્જીદો બાંધી હતી.

સિકંદર પછી તેનો પુત્ર ઇબ્રાહીમ દિલ્હીનો સુલતાન થયો હતો તે અભિમાની અને મીજાજી હતો. ઇબ્રાહીમે ઉમરાવોની સત્તા તોડી પાડવા પ્રયત્નો કર્યા તેથી તેઓ તેની સામા થતા. તેનો રાજ્યકારભાર એકંદરે ઠીક હતો અને ગરીબ લોકો પણ સુખી હતાં.

સુલતાન અને ઉમરાવો વચ્ચેના ચાલુ ઘર્ષણના પરિણામે લોદી વંશ ઘણો અલ્પજીવી નીવડયો. દોલતખાન લોદીએ બાબરને હિંદ પર ચઢી આવવા આમંત્રણ આપ્યું અને તેથી ઇબ્રાહીમ લોદીને બાબર સાથે પાણીપતના યુદ્ધમાં લડવું પડ્યું. ઇબ્રાહીમ હારી ગયો અને દિલ્હીની ગાદી બાબરના હાથમાં ગઇ.

Q. 67. Write short notes on:-The Courtiers of Akbar, The Foreign Policy of ShahJehan and The Theory of Succession of the Mogul Emperors.

અકબરના દરબારીઓ:—અકબરનું બુદ્ધિ ચાતુર્ય એટલું બધું તીવ્ર હતું કે જે માણસોના સંબંધમાં તે આવતો તેની પરીક્ષા

બહુ સારી રીતે કરી શકતો હતો. સહશીલ અને સમાનભાવવાળા સ્વભાવને લીધે અકબરના દરબારમાં અનેક મહાન વ્યક્તિઓને માન મળતું. જે મહાન વ્યક્તિઓ તેના દરબારમાં આવતી તેના મુખ્ય લક્ષણોની પરીક્ષા કરી તેના સદ્‌ગુણનો પૂરેપૂરો ઉપયોગ કેમ કરવો તે અકબર ઘણી સારી રીતે સમજતો હતો. આ કારણને લીધે કર્તવ્ય પરાયણ વ્યક્તિઓને તે પોતાના દરબારમાં સલાહ અને સક્રિય કાર્ય કરવા માટે તક આપતો. હિંદુ અને મુસલમાન બન્ને જાતના આદમીઓને જાતી ભેદ વગર તે ઓદ્ધાઓ આપતો. તેના દરબારમાં હિંદુઓમાં **ટોડરમલ, રાજા ભગવાનદાસ** અને રાજા **માનસિંગ** મુખ્ય હતા. રાજા ટોડરમલ નાણાંશાસ્ત્રી હતો અને મહેસુલ ખાતાનો નિષ્ણાત હતો. ભગવાનદાસ અને માનસિંગ ઉંચી કક્ષાના નિપુણ સરદારો હતા. તે ઉપરાંત **સુરદાસ** અને **ગંગભટ** જેવા હિંદુ કવિઓને પણ અકબરના દરબારમાં માનપૂર્વક સ્થાન મળતું હતું. તાનસેન નામનો ગવૈયો દરબારની શોભારૂપ હતો. **બીરબલ** હાસ્યવિનોદ અને હાજર જવાબને માટે અકબરનો માનીતો થઈ પડયો હતો. વળી **અબુલફઝલ** અકબરનો મિત્ર તથા અંગત સલાહકારક હતો અને **ફૈઝી** રાજકવિ હતો. આ પરથી માલમ પડે છે કે અકબરના દરબારમાં અનેક નિષ્ણાતો હતા અને તેઓ રાજ્યકારભારમાં મદદ કરતા હતા.

શાહજહાનની પરદેશ નીતિઃ—અકબરના નિપુણ રાજ્યકારભારને લીધે રાજ્યની તિજોરીમાં પુષ્કળ પૈસો ભેગો થયો હતો. શહાજહાનમાં દૂરઅંદેશીની ખામી હતી. તેને રાજ્ય વધારવાની ઘણી મોટી ઉમેદ હતી અને રાજ્ય વિસ્તૃત કરવા મધ્ય એશિયામાં ત્રણ વાર લશ્કર મોકલ્યાં હતાં. રાજ્ય લોભને લીધે શાહજહાને કરોડ રૂપીઆ વેડફી નાંખ્યા હતા. પૈસા ખરચાતાં પણ શાહજહાનના લશ્કરનો પરાજય થયો હતો. કંદહાર ઈરાનીઓ પાસેથી પાછું જીતી લેવાને શાહજહાને ત્રણ વખત સવારી મોકલી કરોડો રૂપીઆ

અરચી કાઢયા. આ હકીકત ઉપરથી માલુમ પડે છે કે શાહજહાનની પરદેશી રાજ્યનીતિ દૂરઅંદેશીથી વિમુક્ત હતી અને તેને પરિણામે મુગલ રાજ્યનું ધન વેડફાઈ ગયું હતું.

મોગલોના ગાદી હકનો સિદ્ધાંત:—જ્યારથી મુસલમાન સુલતાનો ગાદીએ આવ્યા ત્યારથી ઐતિહાસીક ઘટનાઓ તપાસતાં માલુમ પડે છે કે સુલતાન પદ વારસાના હકથી ઘણે થોડે અંશે સ્વીકારાયું હતું. જે રાજ્ય કુટુંબી બળવાન અને કુનેહબાજ હોય તેજ પોતાની જાત મહેનતથી ગાદી પ્રાપ્ત કરી શકતો. બાબર પછી હુમાયુ, અકબર અને જહાંગીર પાટવી કુંવરના હકે ગાદી પ્રાપ્ત કરી શકયા પણ શાહજહાનને ગાદી હક માટે મુગલ શેનશાહતની ચાલી આવેલી પ્રણાલિકામાં ફેરફાર કર્યો. જહાંગીરના ચાર પુત્રમાં શાહજહાન સૌથી ચતુર હતો; તેણે રાજ્ય ગાદી મેળ-વવા બાપની સામે બંડ ઉઠાવ્યું હતું અને પોતાના ભાઇઓના પ્રાણ લીધા હતા; એજ પ્રમાણે જ્યારે શાહજહાન માંદો પડયો ત્યારે ગાદી માટે તેના પુત્રો માંહોમાંહે લઢી મૂવા. સૌથી કપટી અને ખુની પુત્ર ઔરંગઝેબ ગાદી મેળવી શકયો. ગાદી હક માટે મોગલોમાં જે પ્રથા હતી તે પ્રથા ચોક્કસ સિદ્ધાંત કે ધોરણ પર ચઢાઈ ન હતી. વંશ પરંપરાનો પાટવી કુંવરનો વારસાઈ હક કોઇ પણ રીતે સાબીત થયો ન હતો અને તેને પરિણામે રાજ્ય કુટુંબનો નાશ થતો તેમજ વૈભવ અને સમૃદ્ધિનો પણ નાશ થતો.

Q- 68. Describe the causes of the rapid down fall of the Mogul Empire.

મહાન મોગલ સામ્રાજ્યનું પતન ઔરંગઝેબના મરણ પછી લગભગ અડધી સદી જેવા થોડા સમયમાં થયું તેના અનેક કારણો હતા. પડતીના બીજ ઔરંગઝેબના સમયથીજ રોપાયાં હતાં. ઔરં-ગઝેબની ધર્માંધ રાજનીતિને પરિણામે રજપૂતોનો સાથ તેણે

ગુમાવ્યો હતો. દક્ષિણમાં ધર્મઝનુનથી મહારાષ્ટ્ર ખળભળી ઉઠયું હતું અને હિંદુ ધર્મનું રક્ષણ કરવા એકે પગે ખડું થઈ ગયું હતું. ઉત્તર હિંદમાંની શીખ પ્રજા તરફ મોગલ પાદશાહોએ કડક નીતિ અખત્યાર કરી હતી, અને તેને પરિણામે તેઓ હંમેશના દુશ્મન બન્યા હતા. ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો ઉદય અને પ્રવૃત્તિ પણ મોગલ સત્તા નાબુદ કરવાને કારણભૂત નીવડી હતી.

મોગલ રાજાઓની રાજનીતિ આપખુદ હતી. તે છતાં ઔરંગઝેબ સિવાય બધા રાજાઓએ કુનેહથી કામ લીધું અને રાજ્ય વ્યવસ્થા સારી રીતે નીભાવી. શાહજહાનના સમયથી ગાદીના હક માટે રાજકુટુંબમાં કલેશ અને ઈર્ષા થવાથી 'ભાઇઓ ભાઇ લઢતા અને એ રીતે તેઓ પોતેજ પરોક્ષ રીતે નબળા પડતા ગયા મોગલ દરબારમાં અઢળક દ્રવ્ય હતું તેથી પુષ્કળ વૈભવ હતો.

મોગલ રાજ્યમાં લશ્કરી વ્યવસ્થા મૂળથીજ સંતોષકારક નહતી. ઘણા મોટા લશ્કરમાં ઐક્યતા અને શિસ્તપાલન તે જમાનામાં શકય નહોતું. ઘણા મોટા રાજ્યમાં સાધનોના અભાવે વ્યવસ્થા રાખવાનું કાર્ય ઘણુંજ અઘરૂં હતું. યુરોપિયનો અને મરાઠાઓ પાસે નૌકાસૈન્ય હતું જ્યારે મોગલ પાદશાહ પાસે નૌકાસૈન્યની વ્યવસ્થા ન હતી તેથી મરાઠા અને યુરોપિઅનો સાથે સ્પર્ધા થઇ શકી નહિ.

શાહજહાનના બાંધકામ અને વૈભવ તથા ઔરંગઝેબની ખર્ચાળ નીતિને લીધે તિજોરી ખાલી થઈ ગઈ હતી અને તેથી લોકો પર કરનો બોજો વધ્યો હતો. શાંતિના અભાવે વેપાર, ઉદ્યોગ પણ મંદ પડી ગયા હતા.

Published by.

Hiralal Chhotalal Thakkar

Proprietor:—Shree Gajanan Pustkalaya

Tower Road—SURAT.